
# અધ્યાત્મ



વર્ષ : ૧૭ ફેબ્રુઆરી–૧૯૯૬ અંક : ૫

## * જ્ઞાની અનાસક્ત હોય છે *

જ્ઞાનીપુરુષો ઘરમાં રહે છે, છતાં ઘરમાં મમતા કરતા નથી. શરીરનું ભાડૂતી ઘર ખાલી કરવાનો વખત આવે, ત્યારે તે જરા પણ કચવાટ કે બડબડાટ વિના તેને ખાલી કરે છે. શરીરમાં રહેવા છતાં તે પોતાની જાતને શરીરથી અલગ અનુભવે છે. તે ઉપરાંત, સ્ત્રી, સંતાન ને સ્નેહીજનોની વચ્ચે રહે છે, તેમની વચ્ચે રહીને પોતાની ફરજ પણ બજાવે છે. છતાં તેમનામાં આસક્ત થતા નથી. આસક્તિ તો તે કેવલ એક ઈશ્વરમાં જ રાખે છે.

સારા કે નરસા ગમે તેવા સંજોગો આવે તોપણ જ્ઞાની પુરુષોનું ચિત્ત ચલાયમાન થતું નથી. પોતાની મરજી પ્રમાણે-નું વાતાવરણ મળે કે નહિ મળે તોપણ તે સદા સ્થિર રહે છે. સંજોગો જેને ડગાવી ને ડરાવી દે, તથા વાતાવરણ જેની માનસિક શાંતિનો ભંગ કરી દે, તેને જ્ઞાનીપુરુષ કહેવાય નહિ એવો ગીતામાતાનો નમ્ર અભિપ્રાય છે. જ્ઞાનીનું મન તો જ્યારે જુઓ ત્યારે સ્થિર, શાંત ને એકરસ હોય છે. ભગવાનના ચરણોમાં જ્ઞાનીનું મન મસ્ત બનીને જોડાયલું રહે છે. સાચો જ્ઞાની કોઈ દિવસ ભક્તિની ઠેકડી કરતો નથી. ભક્તિનો અનાદર પણ તેને ગમતો નથી. તેના દિલમાં પર-માત્માના પ્રેમનાં મોઝાં ઉછાળા માર્યા કરે છે. પરમાત્મના પ્રેમમાં તે સતત ડૂબેલો રહે છે. તેને પરમાત્મા વિના આ ચલાયમાન સંસારમાં બીજા કોઈના પર પ્રેમ હોતો નથી. બીજા કોઈને પ્રેમ કરવાનું તેને પસંદ પડતું નથી.

યોગેશ્વરજી

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૫–૦૦
વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- સંસ્થાપક પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- તંત્રી–સંપાદક શ્રી નારાયણ હ. જાની.
- સહસંપાદકો શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- તંત્રી, મુદ્રક અને પ્રકાશક નારાયણ હ. જાની. ફોન ૪૨૫૮૧૧
- મુદ્રણસ્થાન રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિસ્સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| ઈશ્વર સાન્નિધ્યની સાધના | યશસ્વીભાઈ મ. મહેતા | ૧૦ |
| યોગેશ્વર–વંદના | ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૧૪ |
| પોપટલાલને | ડો. રણજિત પટેલ (અનામી) | ૧૬ |
| પ્રભુ ક્ષમા કરો અપરાધ | મા સર્વેશ્વરી | ૧૭ |
| પૂ. માએ એનો અવસર પાર પાડયો | નારાયણ હ. જાની | ૧૯ |
| ધન્વન્તરિ જ્ઞાનયજ્ઞનું આયોજન | — | ૨૪ |
| શ્રી શ્રી મા શારદાના વાત્સલ્ય પ્રસંગો | ઝિંઝુવાડિયા કનૈયાલાલ | ૨૫ |
| શ્રી શ્રી મા આનંદમયી | જ્યોતિબેન થાનકી | ૩૩ |
| અષ્ટાવક્ર ઋષિ | વામનરાય પ્રા. પટેલ | ૪૫ |
| પરમહંસદેવને... | ચારૂ જલુંધવાલા | ૫૩ |
| બીજું જોવાનું રહે જ નહિ | શ્રી ચૈતન્ય મહાપ્રભુ | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૫૫ |
| શ્રીસુવિચારચંદ્રિકા | મહારાજશ્રી શ્રીનથુરામશર્મા | ૬૦ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૭ ફેબ્રુઆરી–૧૯૯૬ અંક : ૫

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૫–૫–૮૧, મંગળવાર, વૈશાખ સુદ બીજ, ૨૦૩૭,**

**સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત–૯**

નિત્ય નિયમ મુજબ પૂ. શ્રીનાં દરેક કામો થાય છે. સવારે સમયસર સ્નાન, વ્યાયામ, ગીતાપાઠ, દૂધ પીવું અને લેખનકાર્યમાં ડૂબી જવું—એ નિયમિત ઘડિયાળને ટકોરે થાય છે.

સાડા અગિયાર સુધી પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. સર્વેશ્વરી ૧૧–૨૦ મિનિટે ટિફીન આવી જતાં દ્વાર ખોલે છે, ત્યાં તો વડોદરાથી શ્રી કુંદનબેન ગાંધી આવીને બેઠાં છે. સર્વેશ્વરીને આનંદ થાય છે. શ્રી જીતુભાઈ અને તેમના પિતાજી શ્રી મગનલાલ ગાંધી પણ આવેલ છે. તેમની સાથે થોડી વાતો કરી પૂ. શ્રી સાથે ભોજન લેવાનું બને છે. ભોજન બાદ પૂ. શ્રી મુલાકાતના રૂમમાં

આવે છે, ત્યારે ઘડિયાળમાં બરાબર ૧૨ વાગ્યા છે. દ્વાર ખુલી જાય છે. સૌ અંદર આવીને પ્રણામ કરી બેસે છે.

પ્રશ્નોત્તરી શરૂ થતાં પહેલાં પૂ. શ્રી રોજનિશિનો એક દિવસ વાંચવાની સૂચના સર્વેશ્વરીને કરે છે. સર્વેશ્વરી વડોદરા નિવાસનું એક પાનું વાંચી સંભળાવે છે. પછી પ્રશ્નો શરૂ થાય છે. આજે ભટ્ટ-સાહેબ પાસે થોડા લેખિત પ્રશ્નો આવેલ છે, તે વાંચી સંભળાવે છે.

**પ્રશ્ન :** ધ્યાનમાં બેસું છું ત્યારે ખરાબ વિચારો આવે છે. શું કરવું તે સમજાવવા કૃપા કરશો.

**પૂ. શ્રી :** આખો દિવસ જાગૃત અવસ્થામાં ખરાબ જ વિચારો કરો તો પછી ધ્યાનમાં પણ એ જ વિચારો આવે ને! પણ તમે દિવસ દરમ્યાન જાગૃત અવસ્થામાં સારા જ વિચારો કરો જેથી ધ્યાનમાં પણ સારા જ વિચારો આવશે.

**પ્રશ્ન :** ગુરુ કોને બનાવી શકાય? ગુરુ બનાવવા શું કરવું?

**પૂ. શ્રી :** તે હું ના કહી શકું. દરેકે પોતે વિચારવાનો પ્રશ્ન છે. પોતે કોને ગુરુ બનાવવા માંગે છે તે જાતે જ નક્કી કરવું પડે. જેમ લગ્ન કરવાં છે તો કોને પસંદ કરવા તો તે અંગે પોતે જ નક્કી કરવું પડે. એમાં મારી પસંદગી કામ ન આવે. એ રીતે આ વાતમાં પણ દરેકની પોતાની અલગ પસંદગી હોય છે, પણ જે ગુરુ પસંદ કરીએ તે આત્મકલ્યાણમાં મદદ કરે તેવા હોવા જોઇએ.

**પ્રશ્ન :** મારે સાચી ભક્તિ કરવી છે તો કયો માર્ગ લેવો?

**પૂ. શ્રી :** નામસ્મરણ જ કરવું. ભક્તિનો આત્મા નામસ્મરણ છે. કલાક સવારે, કલાક સાંજે બેસો. હાલતાં ચાલતાં પણ નામ જપો. વળી ભક્તિ વધે તે માટે ભાગવત, રામાયણ વાંચો. તુલસી-



દાસ, મીરાં, સૂરદાસ, તુકારામ, નરસિંહ મહેતાનાં ભજનો વાંચો, વિચારો તો ભક્તિભાવને પોષણ મળે.

ત્યાં વળી બીજા એક ભાઇનો પ્રશ્ન શરૂ થાય છે.

**પ્રશ્ન :** હું કોણ છું? હું કિરતાર સ્વરૂપ છું. તો તેનું દર્શન તમે કરાવી શકશો?

(આ પ્રશ્નનો ઉત્તર પૂ. શ્રીએ ખૂબ લંબાણપૂર્વક આપ્યો, જે નોંધને યોગ્ય હોવા છતાં ન નોંધ્યો)

**પ્રશ્ન :** સંયમ પાળવા શું દિગંબર રહેવું જરૂરી છે?

**પૂ. શ્રી :** ના, વિકારોનું મૂળ મનમાં છે, તનમાં નથી. મનમાં વિકારોને સંયમમાં રાખવા. તન ખુલ્લું રાખવું જરૂરી નથી. એ અવસ્થા સમાજની વચ્ચે રહેવા માટે યોગ્ય પણ નથી. મનને સંયમિત કરવા પ્રાર્થના વગેરે કરી શકાય. એમાં નાગડીયા રહેવાની જરૂર નથી.

ત્યારબાદ એક અસ્થિર મગજનાં બેન થોડા પ્રશ્નો પૂછે છે. પૂ. શ્રી તેને હસીને જવાબ આપે છે. જવાબમાં પૂ. શ્રી તેના વિચારોને આવકારે છે. સ્ત્રીશક્તિને બિરદાવે છે. એટલે તે બેન શાંત ને સ્વસ્થ રહે છે.

સમય થતાં સૌ પ્રસાદ લઇ છૂટાં પડે છે. આજે વડોદરાથી આવનાર મહેમાનોને પૂ. શ્રી ભોજન લેવાની સૂચના કરે છે, કારણ પૂ. શ્રીનું ભોજન આવ્યું છે તેમાં બે વ્યક્તિ સમાઇ શકે તેટલું ભોજન છે. તેથી તેઓ મુલાકાત બાદ ભોજન લે છે.

પૂ. શ્રી જીતુભાઇના પિતા પાસે થોડીવાર વાતો કરે છે. ત્યારબાદ પૂ. શ્રી આરામ કરે છે. સર્વેશ્વરી કુંદનબેન સાથે બેસે છે.

આજે મુલાકાતના રૂમમાં એક પંખો નંખાવવાની યોજના અમલમાં મૂકાઈ છે.

સાંજે આરામ બાદ પૂ. શ્રી લેખનકાર્ય કરે છે. પ્રવચનમાં જઈ આવી ખીચડી–દૂધનું ભોજન લઈ આરામ કરે છે.

**તા. ૬–૫–૮૧, બુધવાર, વૈશાખ સુદ ત્રીજ, (અખાત્રીજ)**

**૨૦૩૭, સ્થળ : ૮૯, કોટયાર્કનગર, રાંદેર રોડ, સુરત–૯**

સવારે અતિનિયમિત કાર્ય ચાલી રહ્યું છે. રાત્રે પૂ. શ્રી સમયસર ઊઠી જાય છે. તો સર્વેશ્વરી પણ રાત્રે જ જપ કરી લે છે. સવારે સ્નાન, વ્યાયામ ને ગીતાપાઠ ને દૂધ પીવાનો ક્રમ પૂરો થયો. લેખનકાર્ય શરૂ થયું. સર્વેશ્વરી એક કલાક ફરી જપ કરે છે.

આજે અગિયાર વાગ્યે પંખો ફીટ કરવાનો હોઈ સર્વેશ્વરી અગિયાર વાગ્યે બારણાં ખોલી નાંખે છે. અતુલ સાથે પુસ્તકો વિગેરે ગોઠવે છે. સફાઈ થાય છે. સમયસર શ્રી ભટ્ટસાહેબ ભોજનનું ટિફીન લઈ આવી જાય છે. પૂ. શ્રી આજે ફક્ત જલેબી જ લે છે.

આજે મુલાકાત શરૂ થઈ, તો સૌપ્રથમ ઇંગ્લેંડથી આવેલા ભાઈ સાથે ફોટાઓની ક્રિયા થઈ. ત્યારપછી વડોદરા નિવાસની નોંધ વાંચી સંભળાવવાનું કામ પૂ. શ્રીની સૂચનાથી સર્વેશ્વરીએ કર્યું. ત્યારબાદ એક બેન પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** હું ૐ નમઃ શિવાય જપું છું, પણ ત્રણેક દિવસથી જપ શ્રી યોગેશ્વરાય મંત્ર જ મોઢે ચઢયો છે મને લાગે છે કે એ મંત્ર તમે જ મારા ભગવાન છો એટલે તમે જ આપ્યો હશે!

**પૂ. શ્રી :** એ મંત્ર ખોટો લાગે છે. જય શ્રી યોગેશ્વરાય નહિ, પરંતુ ૐ યોગેશ્વરાય નમઃ બોલાય. શંકર યોગેશ્વર જ છે. યોગના



સ્વામી છે. ભગવાનનાં અનંત નામો પૈકી એ પણ એક નામ યોગેશ્વર છે.

એક બેન બીજો પ્રશ્ન પૂછે છે.

**પ્રશ્ન :** બે દિવસ ઉપર મા સર્વેશ્વરીના ભજનોની ટેપ ઘરે સાંભળતી હતી તો અઢી કલાક સુધી વાણી બંધ થઈ ગઈ.

**પૂ. શ્રી :** તમે મૌન રાખવું છે, એવો સંકલ્પ ન કરો. મૌનને રોજના જીવનમાં વણી લો. સૂવા જાઓ, જમવા બેસો, જપ કરો, ત્યારે મૌન જ રાખો. ભક્તિભાવ વધે ને વાણી ગદ્‌ગદ બને, વાણી બંધ પણ થાય. પણ થોડું બોલવું ખરાબ નથી. બોલવું એ તો મહાન શક્તિ છે. જરૂર હોય ત્યારે જ બોલવું. વાણી પણ ઘણાં કાર્યો કરે છે.

સૌરાષ્ટ્રના પ્રવાસમાં મેરુભા ગઢવી મને મળવા આવતા, તો દાદર પરથી જ ચારણી છંદ ગાતા ગાતા આવે :

જે ચરણો હિમગિરમાં ફર્યા, તે ચરણને વંદન કરું,
જે ચરણોમાં તીર્થો ભળ્યાં, તે ચરણને વંદન કરું.

એમનો કંઠ જ એવો કે લોકોને આનંદ આવે. બોલવું એ પણ એક કળા છે. સુભાષચંદ્ર બોઝ, રાધાકૃષ્ણન્ વિગેરેની વાણી એક કળા હતી.

વિવિધ કળા વિષે વાતો કરતાં પૂ. શ્રીએ સુંદર વાતો કહી : આ બધી પ્રચલિત કળા છે. જેવી કે સંગીત, નાટક, ચિત્ર, કવિતા, શિલ્પ, વગેરે. એ કળા માનવને બહિર્મુખ કરનારી છે. એ કળાને વિકસાવવા બાહ્ય ઉપકરણોની જરૂર પડે છે. માણસ કળાકાર હોય, પોતાના ક્ષેત્રમાં શ્રેષ્ઠ હોય પણ કળાકાર ઘણીવાર સાચો માનવ કે આદર્શ માનવ ન પણ હોય. મહાન કવિ હોય, પણ તે

વ્યસની હોય. મહાન ચિત્રકાર હોય પણ તે ઉદાર, દયાળુ, પવિત્ર ન પણ હોય. મહાન સંગીતકાર હોય પણ તે સંયમિત જીવન ન પણ જીવતો હોય. તો કળાદ્વારા પ્રભુપ્રાપ્તિ એ વાત ખોટી છે. કવિતાદ્વારા પ્રભુદર્શન ન થઇ શકે.

આ બધી કળાઓમાં બાહ્ય ઉપકરણો જોઇએ. જ્યારે આત્માની કળામાં એ બધાં જ બાહ્ય ઉપકરણોને અંદર વાળવાની વાત આવે. આત્માની કળામાં પ્રથમ જરૂરિયાત યમ અને નિયમની છે. આપણે અપેક્ષા રાખીએ કે આત્માની કળાવાળો માણસ આદર્શ તો હશે જ, ભક્ત હશે જ, પવિત્ર ને ઉદાર પણ હશે જ.

કવિતાદ્વારા સાક્ષાત્કાર નહીં જ થાય. એક બિંદુ (પોઇંટ) એવું આવે કે કવિતા પણ લખવી બંધ પડી જાય. કવિતા પ્રભુને શોધવા લખાય તો! પરમાત્મા પ્રત્યેના પ્રેમને વ્યક્ત કરવા કવિતા માધ્યમ બની જાય. આત્માની કળામાં શુદ્ધિની અનિવાર્ય આવશ્યકતા છે, જ્યારે બીજી બધી કળાઓમાં શુદ્ધિ અનિવાર્ય નથી જ. કળા આદર્શ, કળાકાર પણ આદર્શ, પણ તે કળાકાર માનવ તરીકે આદર્શ ન પણ હોય.

આમ કળાની ચર્ચા ઘણી લાંબી ચાલી. ત્યાં એક ભાઇએ પ્રશ્ન પૂછ્યો :

**પ્રશ્ન :** પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય, એવું જે કહેવાય છે તો તેમાં સાક્ષાત્કાર કરવાથી પ્રકૃતિ બદલાય ખરી?

**પૂ. શ્રી :** જે જીવનભર સુધરવા માંગતા જ નથી, તેને માટે એવું કહેવાયું કે પ્રાણને પ્રકૃતિ સાથે જ જાય. પણ જેને સુધરવું છે તે તો સુધરે જ છે. પ્રકૃતિ ઉપર વિજય મેળવી શકાય છે. આપણા વિચારો પર, આપણા ભાવોપર વિજય મેળવી શકાય.



મનુષ્ય યત્ન ને ઈશ્વરની કૃપા, તથા સંતોના આશીર્વાદથી પ્રકૃતિપર વિજય મેળવવો અઘરો નથી. માનવને સુધરવા માટે પ્રામાણિકતા જોઇએ તો એ જરૂર અશક્ય નથી.

એક બેન પોતાના અસ્થિર મગજના પુત્રની વ્યથા પૂ. શ્રી પાસે ઠાલવે છે. પૂ. શ્રી તેમને આશ્વાસન આપે છે. તેની ચિંતા કરવાની તમારે જરૂર નથી, તે કાંઇ નાનો નથી એમ પણ કહે છે.

સમય થતાં સૌ છૂટાં પડે છે. પૂ. શ્રી પોતાના ઓરડામાં પેપર પર નજર નાંખી આરામ કરે છે. થોડા આરામ બાદ ફરી લેખનકાર્ય કરવા, સ્નાન કરીને બેસી જાય છે. સર્વેશ્વરી પણ થોડો આરામ કરી ડાયરીની નોંધ ૫–૩૦ સુધી કરે છે.

છ વાગ્યા પહેલાં આજે તૈયાર થઇ જવાનું બને છે–થોડું બજારનું કામ હોવાથી. પણ ત્યાં તો રાજપીપળાથી બે ભાઇઓ પૂ. શ્રીને ઓચિંતા મળવા આવે છે, જેથી બહાર નીકળવાનું મોડું થાય છે. દશ મિનિટમાં જ તે કામ શહેરમાં જઇ પતાવી દેવાનું બને છે.

પ્રવચન સ્થળે સમયસર પહોંચી ફરી સમયસર ઘરે આવી ખીચડી–દૂધનું ભોજન લઇ, આરામ થાય છે. હરિઃ ૐ

(ક્રમશઃ)

બ્રધર લોરેન્સ

# ઈશ્વર સાન્નિધ્યની સાધના

યશસ્વીભાઈ ય. મહેતા

## પત્રપરિસંવાદ–૧

મારાં વ્હાલાં પૂજ્ય માતાજી,

તમે ઉત્કટતાપૂર્વક જાણવા ઇચ્છો છો કે ઈશ્વર સાન્નિધ્યની સાધનાની ટેવ, તેની હાજરીનો સતત અનુભવ થઇ શકે તે માટે મેં કેવી કેવી પદ્ધતિઓ અજમાવી. મારા વ્હાલા પ્રભુજીએ તેની અગાધ કૃપાથી. અનુગ્રહથી તે તરફ મને કેવી રીતે પ્રેર્યો, આ વાત કોઈને કહેવા માટે તો નથી જ. એટલે તમારી હૃદયપૂર્વક કરવામાં આવેલ વિનતિ ને આજીજી પછી ય, તમને તે જણાવવા મેં મારી જાતને ઘણી મુશ્કેલીપૂર્વક સમજાવી છે, એક શરતે કે તમારે આ પત્રની વિગત બીજા કોઈને કદી ય જણાવવી નહિ. જો, મને તમે આમ કર્યું છે, તેવી જાણ થશે તો તમારી આધ્યાત્મિક ઉન્નતિ માટેની મારી શુભેચ્છાઓ પ્રભાવહીન, અર્થહીન બની જશે. આ વિષેની થોડી જાણકારી તમને આપવા જેવી મને લાગી છે તે નીચે પ્રમાણે છે :

અનેક ધર્મગ્રંથોદ્વારા મને જાણવા મળ્યું કે આધ્યાત્મિક જીવનની સાધનાઓ, ઈશ્વરસ્વરૂપને સમજવા, પામવા માટેના અનેક માર્ગો છે અને કેટલીય પદ્ધતિઓ છે. મને લાગ્યું કે આ બધી તો મારા મનમાં ગૂંચવાડો વધારનારી છે, તેને દૂર કરનારી નહિ. હું જે શોધતો હતો તે તો માત્ર એક જ બાબત કે પૂરેપૂરા



ઈશ્વરના કેવી રીતે બની જવું. જો આખું જોઈતું હોય તો આખે આખું આપવું જોઈએ. તે માટે મારાં મનમાં જે સાંસારિક કામનાઓ ભરી પડી છે તેને, પૂરેપૂરી નિર્મૂળ કરવી જોઈશે. પૂર્ણ શરણાગતિનો આ જ એક અર્થ છે કે પૂરેપૂરા મન, વચન ને કર્મથી ઈશ્વરના જ બની જવું. ઈશ્વરને મારે ચાહવો જોઈએ. તેટલું પૂરતું નથી. તેને પૂરેપૂરો ચાહવો જોઈએ, મારા પ્રેમનો નાનો અંશ પણ, જે પ્રભુ ન હોય, જેમાં પ્રભુનો પૂરો આવિર્ભાવ ન હોય તેને આપવાની ભૂલ કે ઉતાવળ કરવી ન જોઈએ. એટલે મેં એ રીતે જીવવાનું શરૂ કરી દીધું કે આ જગતમાં બીજું કોઈ છે જ નહિ; છે એક માત્ર મારા પ્રભુ ને હું.

સૌ પ્રથમ મેં મારી જાતને અપરાધી ગણી ને મારા પ્રભુને શિક્ષક, શિક્ષા કરનાર, ન્યાય કરનાર ગણ્યો, ને તેને પ્રાર્થના કરી કે મારી પ્રત્યે કોઈ પણ દયા કે માયા રાખ્યા વિના તે મને કડકમાં કડક સજા કરે. એ પછી મેં મને પુત્ર ને પ્રભુને મારો પિતા બનાવી મારો બધો પ્રેમ તેના ચરણોમાં સમર્પિત કર્યો. તે મારો પાલનહાર છે, પોષણહાર છે, એ ખ્યાલમાં રાખી તેનો મારા પ્રત્યે અગાધ પ્રેમ છે તેનો સતત વિચાર કરતાં મારું મન તેની પ્રત્યે કૃતજ્ઞતાથી છલકાઈ જતું. ને મારું મન તેની સાથે મારો અતૂટ સંબંધ છે તેવી પ્રતીતિ કરી ધન્યતા અનુભવતું. મારું મન તેના સિવાય બીજે ક્યાંય ભટકવા જાય, ત્યારે મને ઝટકો વાગતો ને જાગ્રત બની મારો પ્રેમ બીજી કોઈ દિશામાં ન ઢળી જાય તેની અનાયાસે સાવધાની રાખતો, રાખી શકતો.

આમ કરવામાં મને અત્યંત માનસિક કષ્ટ પણ પડતું. તેને ગણકારવાને બદલે હું મારું મન જ્યાં જ્યાં અનિચ્છાએ ભટકવા

જતું ત્યાં ત્યાં તેમાં આસક્તિ રાખવાને બદલે ત્યાં મારા પ્રભુ બિરાજે છે, માટે જ મન તેના આકર્ષણથી ખેંચાઇને ત્યાં ગયું છે એવું માની ત્યાં જ તેની કૃપા માટે પ્રાર્થના કરવા માંડતો.

પ્રત્યેક દિવસ કે રાત, પ્રત્યેક કલાક કે પળ, મારા સાંસારિક કર્તવ્યોમાં ગળાડૂબ હોઉં ત્યારે ય મારા મનમાં ઈશ્વરચિંતનમાં મને વિમુખ કરવા, તેમાં ખલેલ પાડવા જેટલા જે કોઇ પ્રબળ સંસ્કાર કે વૃત્તિ જાગે તેને મારા મનમાંથી, બગીચામાં રેઢું ઢોર આવે ત્યારે તેને હાંકી કાઢીએ છીએ, તેવી જ રીતે તગડી મૂકતો.

આવી રહી છે મારી રોજની સર્વસામાન્ય સાધના, અભ્યાસ જ્યારથી ધર્મસાધના શરૂ કરી ત્યારથી અદ્યાપિપર્યંત; ભલે આ સાધનામાં કંઇક અંશે અપૂર્ણતા રહી હોય, મને તેમ કરવાથી પણ સારો એવો ધર્મલાભ થયો છે. ઈશ્વરની સમીપ રહેવામાં, મને રાખવામાં અપૂર્ણતાવાળી પદ્ધતિઓએ પણ, પ્રભુ પ્રત્યે વળે ત્યારે પૂર્ણ હોય તેવી અસરકારક બની શકે, તેવી પ્રતીતિ કરાવી છે. ખરી વાત તો એ છે કે આમાં પ્રભુની મારી પ્રત્યેની અપાર કૃપાએ જ મુખ્ય ભાગ ભજવ્યો છે. મારો પ્રયત્ન અપૂર્ણ હોય ત્યારે પણ મારા પ્રભુની કૃપાથી તે પૂર્ણ હોય તેવો અસરકારક બન્યો, તેમાં મારા સ્વામીની જ અનુકંપા, કરુણા છે. મારી કોઇ નહિ, તેની જ મહત્તા ને મહિમા છે. કારણ તેના વિના આપણે જમીન ઉપરથી એક નાનું તણખલું પણ ભૂલ કર્યા વિના ઉપાડી શકીએ નહિ. બીજા ભલે કદાચ તેમ કરી શકતા હોય, પણ હું તો તેમાંનો એક નહિ જ.

તેની સંનિધિમાં પ્રમાણિકતાપૂર્વક, નિષ્ઠાપૂર્વક સદા રહેવા લાગીએ, આપણાં અંતરચક્ષુ સમક્ષ સદા તેને રાખીએ; તે પછી



પ્રભુએ માઠું લાગે તેવું કશું જ આપણાથી બની શકતું નથી. તેમ કરવા આપણું મન–વચન–કર્મ અસમર્થ બની જાય છે. આ પછી મન એક પ્રકારની પવિત્રતાનો, નિર્મળતાનો આનંદ ને મુક્તિનો અનુભવ કરે છે. આપણને, સાચું કહું તો, તેના સ્વરૂપ સાથેના સામ્યનો, તદ્રૂપતાનો અનુભવ થાય છે. આપણને જ્યારે જરૂર હોય ત્યારે માગ્યાવિના તેનો અનુગ્રહ આપણી ઉપર વરસે છે. આ પ્રમાણે સતત અભ્યાસ કરવાથી તે આપણા માનસિક બંધારણનો એક ભાગ, એક ટેવ બની જાય છે. જે આપોઆપ, સ્વયંભૂ સક્રિય બની રહે છે. ઈશ્વરનું સાન્નિધ્ય શ્વાસોચ્છ્વાસ જેટલું, તેની જેમ જ સતત નિયમિત અનુભવાય છે.

વ્હાલાં મા, મારા પ્રભુનો હું સતત હાર્દિક આભાર માનું છું. તેમાં કૃપા કરીને તમે ય જોડાય જાવ. તેની મારી તરફની ભલ-મનસાઇ, તેને પાત્ર ન હોવા છતાં, એટલી બધી છે કે તે મને શરમિંદો બનાવે છે. અનેક પ્રકારની નાનીમોટી, જાણતાં અજાણતાં ગમે તેટલી સાવધાની રાખવા છતાં, ભૂલો થઇ જ જાય છે તેમ છતાં તેને ક્ષમ્ય ગણી મારા પ્રભુ પોતાના હૃદયની અસીમ ઉદા-રતાનો અનુભવ કરાવે છે. મને માફ કરી દે છે. હું તેની મારી વાણી થકી પૂરતી પ્રશસ્તિ કે સ્તુતિ કરી શકું તેમ નથી. એનો મને અફસોસ છે. તેની આ મહાન ચમત્કૃતિ સમી પ્રકૃતિ, આ અનંત પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ અનંતકાળથી તેની સ્તુતિ, આંખનું એક મટકુંય જાણે કે માર્યાવિના, અવિરત કર્યા જ કરે છે ને કદી થાકતાં નથી. આપણે તેમાં નમ્રતાપૂર્વક જોડાઇએ. મારા વ્હાલાં મા.. હું છું.

આપણા પ્રભુના શ્રીચરણોમાં
સદા શરણાગત
બ્રધર લૉરેન્સ

### પંચોતેરમી જન્મજયંતી પ્રસંગે

## * યોગેશ્વર–વંદના *

( ગાન )

ઉજ્જ્વળ ચહેરો, ઉજ્જ્વળ જીવન,
ઉજ્જ્વળ કરણી, ઉજ્જ્વળ વાન,
ઉજ્જ્વળ આંખો, ઉજ્જ્વળ ભાવો,
ઉજ્જ્વળ જીવન કેરું ગાન.
કેવું મધુમય, કેવું નિર્મળ,
કેવું નિરછલ પાવન આન,
એ ધન્ય ઘડી'તી પ્રગટ્યા જ્યારે,
જગમાં યોગેશ્વર મહાન.
એ ગુણમયી ઉજ્જ્વળતા જાણે,
શો દિવ્ય વીજતણો ચમકાર,
એ ચંદ્ર શીતળતા દૃષ્ટિ જાણે,
રવિતણો શો પૂંજ અપાર.
એ મેઘધનુષી સાત્ત્વિકતા ને,
શીતળ મીઠી વર્ષાધાર,
એ ધન્ય ઘડી'તી પ્રગટ્યા જ્યારે,
જગમાં યોગેશ્વર મહાન.
એ તપ, સંયમ ને ઉજ્જ્વળ વાણી,
જાણે આભણો અંબાર,
એ અમી નીતરતી આંખો પાવન,
ઉજ્જ્વળ દૈવી શો શણગાર.
એ દિવ્ય વહન જીવનનું કેવું !
શાંત સમુંદર શો આગાર,



એ ધન્ય ઘડી'તી પ્રગટ્યા જ્યારે,
જગમાં યોગેશ્વર મહાન.
એ શાતા, એ શાંતિદાતા,
દિવ્ય જીવનના શા ઉદ્‌ગાર !
ઉજ્જ્વળ જીવન–કવન અમર શું,
ભાવ અનોખાના ભંડાર.
જીવન તારું દિવ્ય અનોખું,
જાણે સ્વર્ગતણો સંભાર,
એ ધન્ય ઘડી'તી પ્રગટ્યા જ્યારે,
જગમાં યોગેશ્વર મહાન.

— પ્રો. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

વિવિધ રોગોના યોગિક ઉપચાર માટે,
યોગશિબિરના આયોજન માટે
ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.
* યોગ એન્ડ ટોટલ હેલ્થ સેન્ટર *
ડૉ. મનસુખલાલ ટાવર, અઠવાલાઈન્સ, સુરત.
ફોન : ૬૪૯૯૬૪/૬૪૬૨૨૯ ઘર : ૬૮૫૨૮૩

## * પોપટલાલને *

કનક, કામિની, કંચન, પંજરે,
પોપટલાલ પૂરાણાજી;
રામ–નામની રટણા છાંડી,
રામા–રૂપૈયા રટતાજી. પોપટલાલ...

ભવ–ધારામાં લખચોર્યાસી,
જનમ–મરણના ફેરાજી;
માનવ–દેહ વિશેષ સર્વથી,
અવસર ચૂક્યા અભાગાજી. પોપટલાલ...

ઈન્દ્રજાળમાં ઈન્દરવરણાં,
ફળફૂલ ખાંતે ખાતાજી;
અક્ષર છાંડી, ક્ષર પછવાડે,
ખત્તા ખાંડી ખાતાજી. પોપટલાલ...

કામના–વનમાં હિંસ્ર–પશુના,
કેટકેટલા વાસજી!
કાળ–બાઝ–ઝપટમાં નિશ્ચિત,
યમદેવના પાશજી. પોપટલાલ...

કાજળકેરી કોટડી આ તોઃ
નિર્મળતા ખૂદ નિરાશજી!
સદ્‌ગુરુ, સંત, નિજ, વિવેકવાતે,
મુક્તિ કેરી આશજી. પોપટલાલ...

— ડૉ. રણજિત પટેલ (અનામી)



## * પ્રભુ ક્ષમા કરો અપરાધ *

પ્રભુ ક્ષમા કરો અપરાધ,
મારા ક્ષમા કરો અપરાધ (૨)

દિનભરના એ દોષે ભરેલા,
કર્મોને કરો માફ,
મન અંતરને નિર્મળ કરતાં,
આવી બિરાજો આપ. હે...

વિસ્મરણ મેં કર્યું તમારું,
કર્મે લિપ્ત રહીં,
જાણે અજાણ્યે નિંદા ટીકાને,
જનરંજનમાં ફસી. હે...

મન અંતરમાં અશુભ વિચારો,
પ્રગટ્યા હો ક્ષણવાર,
શુભ વિચાર તણી સૃષ્ટિ સર્જો,
માંગુ છું વરદાન. હે...

જીવનરૂપી શ્વેત વસ્ત્રને,
ઉજ્જવલ ધવલ કરું,
રંગ બીજો કે ડાઘ ન લાગે,
જીવથી જતન કરું. હે...

વ્હાલ ભરેલી વિનંતી મારી,
સુણજો સ્નેહ ધરી,
પળપળ પાવન કરજો મારી,
કૃપાની વર્ષા કરી. હે...

જાગૃતિમાં કે સ્વપ્ને તમારું,
મંગલ મિલન ધરો,
રૂપ તમારું દિવ્ય મધુરું,
સદાય દિલમાં રહો. હે...

— મા સર્વેશ્વરી

માનવજીવનનો ઉદ્દેશ ઈશ્વર પર પ્રેમ થવો, ઈશ્વરને ચાહવો. ઈશ્વર પરની ભક્તિ એ જ સાર વસ્તુ.

રામકૃષ્ણ પરમહંસ

ઓ. : ૨૩૫૯૮ ફે. : ૮૨૪૩૭
૩૪૦૧૬ ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
—: બનાવનાર :—

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨



# પૂ. માએ એનો અવસર પાર પાડયો

નારાયણ હ. જાની

પ્રભુને જે જીવો સમર્પિત થયેલા છે, તેમના સાંસારિક કામો પણ પ્રભુ કરતા રહે છે. આનાં અનેક ઉદાહરણોમાં ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતાના જીવનની ઘટનાઓ જેવી કે શામળશાનો વિવાહ, કુંવરબાઇનું મામેરું અને નરસિંહ મહેતાની હુંડી સમાજ-માં ખૂબ જાણીતી અને લોકજીભે કાવ્યોમાં ગવાતી આવી છે. પરંતુ પ્રભુનો તો ભગવદ્‌ગીતામાં એ કોલ છે કે "જે કોઇ મારું અનન્યભાવે નિત્ય નિરંતન ચિંતન કરે છે તેનાં યોગ અને ક્ષેમ હું વહન કરું છું."

ભગવાને આજ સુધી એમનો એ કોલ પાળ્યો છે. અને આજના યુગમાં પણ જેઓ ભગવાન કે ભગવાનના ભક્તનુંય શરણ સ્વીકારે છે, તેઓનાં કામો તે સમય પર કરતો રહે છે. આવી જ એક ઘટના શ્રી યોગેશ્વર પરિવારના શ્રી દમયંતીબેન ભક્તના જીવનમાં ઘટી છે. ચાલો આપણે તે જોઇએ.

શ્રી દમયંતીબેનનું લગ્નજીવન સુખી હતું. તેમના પતિ સુરેશભાઇ પરિવારની સઘળી મજીયારી જમીનની ખેતીનું કામ સંભાળતા. આ ખેતીની જમીન કપૂરાથી ચારેક કિલોમીટર દૂર આવેલ માલોઠા ગામની સીમમાં હતી. ત્યાં ખેતરમાં એક ઘર હતું. ખેતીની સીઝનમાં ત્યાં જ રહેવાનું થતું.

શ્રી સુરેશભાઇનો સ્વભાવ પ્રેમાળ, ઓછાબોલો પણ મહેનત-કસ હતો. તેઓ ખેતીની જમીનની સરસ સંભાળ કરતા. મોટા-

ભાગની જમીનમાં નહેરનું પાણી પહોંચતું હોવાથી મુખ્ય પાક શેરડીનો જ લેવાતો.

ત્યાં અચાનક ૧૯૮૭ માં શ્રી સુરેશભાઇનો ભરયુવાન વયમાં "હાર્ટએટકથી સ્વર્ગવાસ થઇ ગયો. શ્રી દમયંતીબેનને માથે તો જાણે આભ તૂટી પડયું એવું થયું. પોતાની જાતની સંભાળ ઉપરાંત બે નાની પુત્રીઓને ઉછેરી, ભણાવવાની, તેમનાં લગ્ન કરવાનાં તથા ખેતીની સંભાળ. જવાબદારીઓ આમ અણધારી રીતે માથે આવી ગઇ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તે વખતે વડોદરામાં શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં મૌનમાં. મૌન પૂરું થતાં જ પૂ. માને આ દુઃખદ ઘટનાની જાણ કરવામાં આવી. તો તેમનું સંવેદનશીલ હૈયું હાલી ઉઠયું. તેઓ તુરત જ કપૂરા દોડી આવ્યાં અને શ્રી દમયંતીબેનને ખૂબ આશ્વાસન ધરી, શાંતવના આપી. આ ઘટનાને યાદ કરી શ્રી દમુબેને કહ્યું, "પ. પૂ. માએ જ મને તે ક્ષણથી સંભાળી લીધી. મેં તેઓનું શરણું અનન્યભાવે સ્વીકારી લીધું. લાગ્યું કે મારા માથા ઉપરનો બોજો ઉતારી મેં જાણે તેમને માથે ચઢાવી દીધો ને હું હળવી બની ગઇ!"

પરંતુ જીવનમાં ખરી કસોટી તો મોટી પુત્રી દીપુના લગ્નમાં થઇ. એક બાજુ સંયુક્ત કુટુમ્બની ખેતીનું વિભાજન થતાં કોઇ પણ પુરુષ સભ્યની મદદ વગર પોતાના ભાગની ખેતીનો વહીવટ તેમણે સંભાળી લીધો. શરૂમાં તો આ કામ ખૂબ કઠણ અને નહિ જ થાય એવું લાગવા માંડયું. ઘણીવાર નાહિંમત પણ થઇ જવાતું પરંતુ બીજી જ ક્ષણે પૂ. માની યાદ આવી જતાં, હૃદયમાં કોણ જાણે ક્યાંકથી હિંમત આવી જતી.

તેવામાં તેઓની મોટી પુત્રી દીપુનું માગુ આવ્યું. અગાઉ



ત્રણવાર પણ આવું કહેણ પાછું ધકેલેલું એમ કહીને કે 'હજી છોકરી નાની છે, માત્ર ૧૭ વર્ષની જ છે, જો કે તે ઊંચી અને મોટી દેખાય છે એટલું જ.' પરંતુ વારંવાર આવેલ માગાને અવ-ગણવું તેમના માટે હિતાવહ નહોતું. કારણ કે ફરી પાછો યોગ્ય છોકરો મળે કે કેમ, તે પણ વિચારવાનું હતું પરંતુ શ્રી દમયંતી-બેનની ખરી મૂંઝવણ આપણા પેલા નરસિંહ મહેતાની જેમ નાણાંની હતી. ઘરમાં પૈસો મળે નહિ અને છોકરા–છોકરીને જોવાનું થાય, તો વ્યવહાર નાણાં વગર શી રીતે થાય? કોને આ અંતરની મૂંઝવણ કહેવી! આવી દ્વિધા વચ્ચે છોકરા–છોકરીનું વ્યારા ખાતે જોવાનું ગોઠવાઇ ગયું. જો બંને પરસ્પરને પસંદ કરે તો કપૂરા આવે અને બધો આર્થિક વ્યવહાર કરવો પડે. તેઓના મનમાં સતત મૂંઝવણ–ભારે કસોટી, કોઇને કહેવાય નહિ અને સહેવાય પણ નહિ. પૂ. માને સતત પ્રાર્થના મનમાં થતી રહે. "હે મા, હવે તું લાજ રાખજે."

પરંતુ ભગવાન કોઇકવાર અજબ ખેલ કરે. બન્યું એવું કે છોકરા–છોકરી અને છોકરાનાં સગાંઓએ દીપુને જોઇ લીધી. વડીલોને તો તે પહેલેથી ગમતી હતી જ. પ્રશ્ન છોકરાને ગમવાનો–પસંદ પડવાનો હતો. તે તેને ય ગમી ગઇ. પરંતુ રિવાજ પ્રમાણે તેઓ કપૂરા ના આવ્યાં ને સીધાં વ્યારાથી જ પોતાને ગામ ચાલી ગયાં. માત્ર છોકરી પસંદ પડી છે, એ કહેણ મોકલાવી આપ્યું. આમ શ્રી દમયંતીબેનની લાજ રહી ગઇ અને કામ પણ સધાઇ ગયું!

વેવિશાળ તો થયું. પરંતુ લગ્નનું શું? પૈસા તો પાસે મુદ્દલ મળે નહિ ને શેરડીની આવક થવામાં હજી છ મહિનાની વાર. મનમાં ખૂબ મૂંઝવણ થાય. છેવટે પૂ. મા અમેરિકા તેમને ફોન

કર્યો. ફોન ઉપર દમુબેન રડી પડયાં તો પૂ. માએ કહ્યું, "જેણે આજસુધી તને સંભાળી છે તે તને હવે શું નહિ સંભાળે? વિશ્વાસ રાખ." સાંભળવામાં તો આ શબ્દો સારા લાગે, પરંતુ લગભગ પોણા લાખ જેવા લગ્નના ખર્ચને શી રીતે પહોંચી વળાશે, તેની ચિંતા રાતદિવસ મનમાં થયાં કરે.

પરંતુ ભગવાન સાચા દિલથી પોકારનારની વહારે દોડી આવે છે, એવું જ કંઇ શ્રી દમયંતીબેને અનુભવ્યું. લગ્ન માટે સૌથી મોટો ખર્ચ કપડાંની ખરીદી અને સોનાના દાગીનાનો. આ વેવિશાળ થયાની જાણ થતાં અમદાવાદથી શ્રી યોગેશ્વર પરિવારના શ્રી માલતીબેને એક ભાઇ સાથેત્રણ બેગ ભરીને પસંદગી કરવા માટેની સાડીઓ અને નમૂનાનાં બીજાં કપડાં મોકલાવી આપ્યાં. સાથે કહેવડાવ્યું કે "પૈસા આપવાની ચિંતા કર્યા સિવાય જે સાડીઓ ને કપડાં જોઇએ તે મંગાવી લેજો." આ અણધારી મદદ આવી મળતાં પૂ. માની કૃપાનો અહેસાસ થયો, કારણ કે શ્રી માલતીબેન ન તો પરિવારનાં સભ્ય હતાં કે ન સમાજનાં. ન કોઇ તેમની સાથે લોહીની સગાઇ! આ તો મા પ્રભુના નાતે જ સત્સંગનો સંબંધ હતો અને તે આમ મદદે આવી ઊભાં રહેશે એવી તો કોઇ કલ્પના જ નહિ.

આ અણધારી મદદથી શ્રી દમયંતીબેનમાં હિંમત આવી ગઇ. તો એવી જ બીજી મદદ શ્રી મંજુલાબેન ભાવસારે ભત્રીજા રાજુભાઇને પૈસા લઇને મોકલીને કરી. આમ અચાનક સહાય મળવા માંડતાં, તેમને વિશ્વાસ થઇ ગયો કે તેઓનું કામ હવે પાર પડી જશે. આ બંને મદદોની પહેલ જાણે પૂ. મા શ્રી સર્વેશ્વરીની પ્રેરણાથી જ મળી હોય એમ અનુભવાયું, કારણ કે આ વ્યક્તિઓ સાથેનો સંબંધ કોઇ સામાજિક કે લૌકિક ન હતો. પરંતુ કેવળ



આધ્યાત્મિક જ હતો. પછી તો શ્રી દમયંતીબેનનો બીજો મહત્ત્વનો પ્રશ્ન દીકરી માટેનાં ઘરેણાંનો હતો. તેઓની પોતાની પહોંચ પ્રમાણે તેઓએ બેત્રણ કોટના અને કાનના દાગીના કરાવેલા. પરંતુ આ વખતે તેઓનો પિયરનો આખો પરિવાર મદદે આવ્યો. દીકરી દીપુને તેના મોસાળના દરેકે દરેક સભ્યએ એક એક દાગીનો આપ્યો. પરિણામે દીકરીની ઇચ્છા પ્રમાણેનાં બધાં જ ઘરેણાં તેને ઉપલબ્ધ થઇ ગયાં!—વળી સાસરા પક્ષનાં ઘરેણાં મળતાં તેને તો કોઇ જ કસર ન રહી. વળી આ દાગીના મુંબઇમાં સરસ ઘાટના ઘડાવી દેવાનું કામ શ્રી જ્યોત્સ્નાબેને સંભાળી લીધું. એટલે એ પ્રશ્ન ખૂબ હળવાશથી ઉકલી ગયો! કામ અને ચિંતાનો ભાર આમ વહેંચાઇ જશે, એવી તો એમણે કલ્પના ક્યાંથી કરી હોય!

પછી જરૂર હતી રોકડ પૈસાની. તેની પૂર્તિ પણ વગર માગ્યે થવા લાગી. શ્રી આશાબેન, શ્રી હસુભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી ધીરુભાઇ, તેમ જ પરિવારના સભ્યોએ પણ જરૂરી મદદ કરી અને બીજા ઘણાઓએ જેવા કે ડો. મધુભાઇ ભક્ત વગેરેએ મદદ માટેની તત્પરતા બતાવી. આમ શ્રી દમયંતીબેનની દીપુબેનનો પ્રસંગ સરસ રીતે ઉજવાયો. કપૂરા ગામ માટે પણ એ ગૌરવરૂપ બની ગયો કારણ કે પૂ. ગુરુદેવ અને પૂ. મા શ્રી સર્વેશ્વરીની પૂજા કરીને વૈદિકવિધિથી તે સંપન્ન બન્યો. આ બધા કામોમાં પૂ. માની વિશેષ કૃપાનું દર્શન ડગલે અને પગલે શ્રી દમુબેનને થતું રહ્યું.

સત્સંગીઓ અને સ્નેહીઓએ કરેલી આર્થિક મદદનો ભાર શેરડીની સીઝનના પૈસા આવતાં ચૂકવાઇ ગયો. અવસર સુચારૂરૂપે અટપાઇ ગયો. રહી ગઇ મા–પ્રભુની કૃપાની સુભગ પ્રેરણાદાયી શ્રદ્ધામૂલક સ્મૃતિઓ! "પૂ. માએ એનો અવસર પાર પાડયો, એવું જ થયું ને!"

### પૂ. માના જન્મસ્થાન કપૂરામાં ભાગવત પારાયણ તેમજ

# ધન્વન્તરિ જ્ઞાનયજ્ઞનું આયોજન

ગુરુતર્પણના ભાવથી શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કપૂરા મુકામે શ્રી ઈશ્વરભાઇ પરમાર્થીદ્વારા તા. ૧૦ મી માર્ચ ૧૯૯૬ થી ૧૭ મી માર્ચ ૧૯૯૬ સુધી કરવામાં આવ્યું છે અને તા. ૧૮ મી માર્ચે પૂ. યોગેશ્વરજીના નિર્વાણ દિન નિમિત્તે ગુરુપૂજન અને વ્યાખ્યાનોનો એક વિશેષ કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. તે માંગલિક પ્રસંગે સર્વે હિતકર્તાને હાજર રહી અમૂલ્ય લાભ લેવાનું નિમંત્રણ શ્રી ઈશ્વરભાઇ તરફથી પાઠવવામાં આવ્યું છે.

ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞની વ્યાસપીઠ ઉપર વિરાજશે ભાવનગરના ભાગવતાચાર્ય પ્રો. જનાર્દનભાઇ દવે. કથાનો સમય સવારે ૯ થી ૧૨ અને સાંજે ૩ થી ૬. બહારગામથી આવનાર સર્વે સાધકભાઇબહેનોની ઉતારાની તેમ જ ભોજનની વ્યવસ્થા કરવામાં આવશે.

આ ઉપરાંત તા. ૧૯–૩–૯૬ ના રોજ ધન્વન્તરિ જ્ઞાનયજ્ઞમાં ઘરઆંગણે થતી વનસ્પતિમાં રહેલ ઔષધિના ગુણોની ચર્ચા પરિચય–અને ઉપયોગ વિષેની માહિતી તજજ્ઞો મારફત આપવામાં આવશે.



# શ્રી શ્રી મા શારદાના વાત્સલ્ય પ્રસંગો

લેખક : સ્વામી ગંભીરાનંદજી
સંકલન : ઝિંઝુવાડિયા કનૈયાલાલ

એક દિવસ શિયાળાની સવારે એક ભક્ત એની પત્ની અને ચાર દીકરીઓને લઇ જયરામવાટી આવ્યો. આગલી સાંજે એ લોકો ગઢબેતાથી બળદગાડીમાં નીકળી સવારે જીવટા પહોંચ્યા અને ત્યાંથી એક માણસને સાથે લઈને લગભગ દોઢ માઇલ પગે ચાલીને જ જયરામવાટી આવ્યાં હતાં. બધાં જ બાળકો નાનાં હતાં. એક તો હજી ધાવણું હતું. વળી તેને મલેરિયા થયો હતો.

આ પરિસ્થિતિમાં ભક્ત ખૂબ મૂંઝાઇ ગયો. તેને વારંવાર ચિંતા થવા લાગી કે તેઓના આવવાથી માતાજીને અગવડ તો નથી પડી? પરંતુ માતાજીના સ્નેહપૂર્ણ વ્યવહારથી ક્ષણમાત્રમાં એમનો બધો સંકોચ દૂર થઇ ગયો. એની પત્ની તો જાણે પિયરમાં આવી હોય તેમ છૂટથી હરવા ફરવા લાગી. માતાજીએ પોતાના નાના ઘરમાં એમને માટે બધી જ વ્યવસ્થા કરી આપી. માંદી બાળકીની દવાની પણ ગોઠવણ થઇ ગઇ.

એ સ્રીભક્ત બીજી સ્રીઓ સાથે 'બાંડુજ્યે તળાવ'માં નાહવા ગઇ અને ઘરની દીકરી માફક કાખમાં ઘડો ભરી પાણી લાવી. પૂજા પૂરી થતાં એ પતિ–પત્નીએ દીક્ષા લીધી. એ લોકોને વર્ધમાન જિલ્લામાં આવેલ તાલિત ગામે જવાનું હતું. ગઢબેતાથી ત્રણ રાતનો લાંબો પંથ હતો. તેથી તે દિવસે બપોરનું ભોજન લઇ તેમણે માતાજીને પ્રણામ કર્યાં. આંખમાં આંસુ સાથે એમની વિદાય લીધી. માતાજીએ એમને વિદાય આપતાં દેવી દુર્ગાનું શુભ નામ

ત્રણ વાર ઉચ્ચાર્યું. જ્યાંસુધી નજર પડી ત્યાંસુધી માતાજી એમના માર્ગ તરફ જોઇ રહ્યાં. પછી નલિનીદેવીના ઓટલા પર બેસી ઊંડો નિ:શ્વાસ નાંખી બોલ્યાં કે એમનાં સંતાનો આટલે દૂરથી કેટલી મુશ્કેલીઓ વેઠીને આવ્યાં તોપણ જરા વિશ્રામ કર્યા વગર, નિરાંતે વાતચીત કર્યા વગર કે સારું ખાધા વગર ચાલ્યાં ગયાં!

એટલામાં કોઇ કે જોયું કે તે લોકો એક ટુવાલ ભૂલી ગયાં હતાં. માતાજીએ કહ્યું, "ભૂલ તો થાય જ ને! એક રાત પણ રહી ન શક્યાં ને નિરાંતે બેસી વાતો પણ ન કરી શક્યાં. મનને કાંઇ આમ જવું ગમે? તેથી આવી ભૂલો તો થઇ જાય ને?" માતાજીનું દુ:ખ જોઇ બ્રહ્મચારી ગોપેશે કહ્યું કે તેઓ હજી બહુ દૂર નહીં ગયાં હોય, તેથી તે જલદી ચાલીને તેમને પકડી પાડી શકશે. આમ કહી તેઓ ટુવાલ આપવા રવાના થયા.

બ્રહ્મચારી ટુવાલ આપીને પાછા ફર્યા તો જોવામાં આવ્યું કે એ સ્ત્રીભક્તની સાડી તળાવને કિનારે સૂકાતી હતી. એક સ્ત્રી એ લઇ આવી અને પેલી સ્ત્રીભક્તની મશ્કરી કરવા લાગી. બીજી એક સ્ત્રી બોલી : "કેટલું સંભાળે? આટલા બધાં છૈયાં–છોકરાં!" આ બધી મશ્કરીઓ સાંભળી માતાજી દીર્ઘ નિશ્વાસ નાંખી બોલ્યાં : "અરેરે! મારી દીકરીને આવતી કાલે નાહતી વખતે સાડી સાંભરશે ત્યારે એને યાદ આવશે કે 'સાડી માને ઘેર ભૂલી આવી છું.' બ્રહ્મચારી ગોપેશ ફરી એ સાડી આપવા જવા તૈયાર થયા. નલિનીદેવીને એ વિચાર ગમ્યો નહિ પણ માતાજીને ગોપેશની વાત ગમી એટલે એમણે જીવટા સુધી જઇને તે સાડી પહોંચાડી દીધી."

* * *

એક વાર મૈમનસિંહથી એક ભક્તોનું ટોળું આવ્યું હતું. તેમના



આગેવાને તો પહેલેથી જ મા શારદા પાસે દીક્ષા લીધેલી હતી. તેમની તબિયત સારી ન હતી. વધારે દિવસ જયરામવાટીમાં રહેવાથી માતાજીને અગવડ પડશે એમ જાણી એમણે કામારપુકુરનાં દર્શન કરી પાછા ફરવું એમ નક્કી કરેલું. કામારપુકુરથી જયરામવાટી આવતાં તેમને તાવ આવ્યો. આથી માતાજીના સેવકોએ નક્કી કર્યું કે એને પાલખીમાં બેસાડી કોઆલપાડા મોકલી દેવા, જેથી સારવારની સારી વ્યવસ્થા થઇ શકે. માતાજીને પણ હેરાનગતિ ન થાય. બધું નક્કી થયા પછી માતાજીને તેની જાણ કરવામાં આવી. તે વખતે તો તેઓ કશું ન બોલ્યાં પણ સૌને સ્પષ્ટ લાગ્યું કે આ વ્યવસ્થા એમને ગમી નહિ.

થોડા દિવસ પહેલાં માતાજી પોતે મંદવાડમાંથી ઊઠયાં હતાં. દાક્તરોની સલાહ પ્રમાણે કડક પરેજી પાળતાં હતાં. એમને રોજ એક દાડમનો રસ અપાતો. પહેલા વિશ્વયુદ્ધના પરિણામે ઊભી થયેલી અવ્યવસ્થાને લીધે આ ફળ મેળવવાં મુશ્કેલ હતાં. તેથી દાડમ ખાસ કલકત્તાથી મોકલવામાં આવતાં. માતાજીને એવી ટેવ હતી કે પોતાની પાસેની વસ્તુઓ બધાંને વહેંચી દેતાં. તેથી તે ફળ સેવક પાસે રાખવામાં આવતાં. તે દિવસે તે માંદા શિષ્યને દાડમ આપવાની માતાજીની ઇચ્છા થઇ. સેવકોએ વાંધો ઊઠાવ્યો પણ કંઇ વળ્યું નહિ. ભક્તને દાડમ મળ્યું તે રીતે માતાજીનો સ્નેહ મેળવીને તે પોતાને ધન્ય માનવા લાગ્યો.

બપોરના ભોજન પછી સ્વામી વિદ્યાનંદજી રોગીને કોઆલપાડા લઇ જશે એમ નક્કી હતું પણ પાલખી આવતાં સાંજ પડી ગઇ. તે વખતે આકાશમાં વાદળાં ઘેરાતાં હતાં તોપણ રોગીને જલદી લઇ જવા માટે પાલખી રવાના કરવામાં આવી. થોડા વખતમાં ચારે બાજુ અંધકાર છવાઇ ગયો, ને જોરથી ગર્જના

સાથે વરસાદ તૂટી પડયો. આખા દિવસનું કામ પતાવી માતાજી ત્યારે જરા વિશ્રામ લેતાં હતાં. પ્રકૃતિની આ પ્રલયકારી મૂર્તિ જોઇ ચિંતામાં પડયાં. અસ્વસ્થ બની માતાજી બહાર ઓટલા પર આવ્યાં ને આકાશ તરફ જોઇ બોલવા લાગ્યાં : "મારા દીકરાનું શું થશે?" ઘણું સમજાવી સેવકો એમને પરાણે અંદર લઇ ગયા.

ત્યાં ખાટલા પર બેસી કરુણ સ્વરે માતાજી પ્રાર્થના કરવા લાગ્યાં કે "હે ઠાકુર! મારા દીકરાનું રક્ષણ કરજો." વચ્ચે વાવાઝોડું જરા શાંત થતાં માતાજી સ્વસ્થ બન્યાં. પણ થોડી વાર પછી બમણા જોરથી વરસાદ સાથે વાવાઝોડું શરૂ થયું. આથી માતાજી જલદી જલદી બહાર આવી આંખમાં આંસુ સાથે પ્રાર્થના કરવા લાગ્યાં : "હે ઠાકુર! કૃપા કરો. મારા દીકરાને બચાવો." આખી રાત આમ ઉદ્વેગમાં એમણે વિતાવી. બીજે દિવસે વિદ્યાનંદે આવીને જણાવ્યું કે વાવાઝોડા વખતે તેઓએ દેશડામાં એક ભક્તના ઘરમાં આશ્રય લીધો હતો, તેથી કંઇ તકલીફ થઇ ન હતી. એ સાંભળી માતાજીને શાંતિ થઇ.

* * *

વિવિધ સ્વભાવના ભક્તો આવી માતાજી પાસે જુદી જુદી જાતની માંગણીઓ કરતા અને કલ્પવૃક્ષની માફક માતાજી પ્રસન્નવદને આ બધી પૂરી કરતાં. ભક્તોનું આ મનમોજીપણું મોટા ભાગે જયરામવાટીમાં જ ચાલતું. 'ઉદ્બોધન'માં સાધુઓની કડક દૃષ્ટિ ઓળંગીને ગમે તે ભક્ત ગમે ત્યારે માતાજી પાસે જઇ શકતા ન હતા. માતાજી પણ ત્યાં ગામડાની સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવતાં. ભક્તો પણ શહેરના કૃત્રિમ વાતાવરણથી દૂર રહીને છૂટથી તેમને મળી શકતા. તેથી ઘણા ભક્તો માતાજી ક્યારે ગામડે જાય છે એની ખાસ ખબર રાખતા અને ત્યાં જ મળવા જતા.



કલકત્તામાં સાધુઓ અને ગુલાબમા માતાજીના ઘરની તથા ભક્તોની દેખરેખ રાખતાં તેથી માતાજીને પોતાને કશું કરવું નહોતું પડતું. પરંતુ જયરામવાટીમાં તેઓ પોતે જ બધું કરતાં. ભક્તો એમની પાસે દીક્ષા લેવા કે દર્શન કરવા આવતા પરંતુ એમની રહેવા-ખાવાની સગવડો માતાજીને સાચવવી પડતી. આ ભક્ત-સેવા એમની રોજની પ્રવૃત્તિ હતી, તેથી એમને એમાં કંઇ અસ્વાભાવિક નહોતું લાગતું. તેઓ સ્વયં જગદંબા હતાં. હજારો લોકો જેમની પૂજા કરતા હતા, ને જેમનામાં માનવકલ્યાણ માટે ઓગણીસમી સદીમાં એક મહાશક્તિ જાગ્રત થઇ હતી, તેમનું પોતાનું જીવન કેટલું આડંબર વિનાનું ને રોજિંદાં કામોમાં ડૂબેલું હતું! ગ્રામ્યસરળતા ને માતૃવાત્સલ્યથી ભરેલું આ જીવન પ્રતિક્ષણે કેટલું આકર્ષક હતું.

કેટલાક ભક્તો જે આવતા તેમને વહેલી સવારે ચા પીવાની ટેવ હતી. સંધિવાને લીધે માતાજી લચકાતે પગે જેને ત્યાં ગાય દોવાઇ હોય તેને ત્યાં દૂધ લેવા જતાં. એ ગામડામાં શાકભાજી પણ ખાસ ન મળતાં. વધારે ભક્તો આવી પડવાથી સંઘરેલાં શાકભાજી ખૂટી જતાં. ત્યારે પાડોશીને ઘેર ઘેર જાતે જ એની તપાસ કરવા જતાં. આ દૂરના ગામડામાં મમરા સિવાય કંઇ પણ ખાવાનું મળતું નહતું. તેથી માતાજી જતન કરી રવો વગેરે સંઘરી રાખતાં. પૂજા પછી આવેલા ભક્તોને પ્રસાદી, ફળ ને શીરો વગેરે નાસ્તામાં આપતાં. રવો પણ ખૂટી જતો ત્યારે ભક્તોને ફક્ત મમરા, કાકડી અને ગોળ આપતાં, કોઇ ભક્ત વળી કહેતો, "મા, આ શું ખાવા આપો છો? આવું ખાવાની મને તો ટેવ પણ નથી." માતાજી તેને સમજાવીને કહેતાં : "દીકરા, અહીં તો બીજું કાંઇ મળતું નથી. આ જ ખા. કાંઇ નુકશાન નહિ થાય. હું જ્યારે

કલકત્તા જઈશ ત્યારે સારું સારું ખવડાવીશ." જે ભક્તને જે ખાવાની ટેવ હોય તેને તે જ આપવાનો માતાજી પ્રયત્ન કરતાં, પરંતુ સંજોગોનુસાર જ્યારે તેને તે ન આપી શકતાં ત્યારે ખેદ કરીને કહેતાં : "મારા દીકરાને સારી રીતે જમાડી પણ ન શકી." આટલો પરિશ્રમ કરવા છતાં માતાજીને સહેજ પણ કંટાળો ન આવતો. ઊલટું ગૌરવથી પોતાની ભાભીઓને કહેતાં : "મારા દીકરા મને જરા પણ પજવતા નથી. મારાં સૌ સંતાનો આવે તોપણ એકલે હાથે તેમને પહોંચીવળું તેમ છું."

મા શારદા દેશ, જાતિ કે સંપ્રદાયનો ભેદ સ્વીકારતાં નહિ. "સ્વદેશી"ની ચળવળ જ્યારે ચાલતી હતી, (૧૯૦૫–૧૧) લોકોનો અંગ્રેજો પ્રત્યેનો દ્વેષભાવ ખૂબ પ્રબળ હતો, ત્યારે પણ માતાજી કહેતાં : "તે લોકો પણ મારાં જ બાળકો છે."

એક વાર કાંકુડગાછીના 'યોગોદ્યાન'માં જન્માષ્ટમી વખતે માતાજીને નિમંત્રણ કરવામાં આવ્યું હતું. માતાજીએ તે સ્વીકાર્યું પણ હતું. કેટલાકને માતાજીનું ત્યાં જવું પસંદ ન પડવાથી વાંધો ઊઠાવ્યો. તેના જવાબમાં માતાજીએ કહ્યું : "બાપુ, એ તો તમારો ઝઘડો. હું શું એ લોકોની મા નથી?" (મા શારદાનો ભક્તો ઉપર કેટલો પ્રેમ, કેટલી કરુણા, કેવો અદ્‌ભુત વાત્સલ્યભાવ વરસતો તે આપણે અનુભવી શકીએ છીએ. ઉપલા પ્રસંગ ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે માતાજી કોઈ પણ વ્યક્તિની શેહમાં દબાતાં નહિ. ખૂદ રામકૃષ્ણદેવ પણ તેમના સ્વતંત્ર વિચાર–વર્તનની આડે કદી આવતા નહિ.)

* * *

દાક્તર કાંજીલાલનાં પત્ની માતાજીને પ્રણામ કરી બોલ્યાં : "મા આશીર્વાદ આપો કે તમારા દીકરાની (પોતાના પતિની) કમાણી સારી થાય." એ સાંભળી માતાજી તીક્ષ્ણ દૃષ્ટિથી સામે



જોઈ રહ્યાં ને પછી બોલ્યાં "હું શું એવા આશીર્વાદ આપું કે લોકો માંદા પડે ને દુઃખી થાય? એ તો હું નહિ કરી શકું. બધાં જ સારાં રહે ને બધાનું મંગળ થાય એ જ હું તો પ્રાર્થું છું."

(આવો જ પ્રસંગ મા સર્વેશ્વરીજી માટે ઊભો થયો હતો. 'માસ્મા'માં જયેશ પટેલે પોતાના દવાખાનાના ઉદ્‌ઘાટન પ્રસંગે માને આમંત્રણ આપેલ. મા ગએલાં પણ ખરાં. તે પ્રસંગે માએ શ્રી જયેશભાઈને કાંઈક આવું જ કહેલ કે "હું એવી શુભેચ્છા કેવી રીતે પાઠવું કે તારું દવાખાનું ખૂબ સારું ચાલે? શું હું એવું ઈચ્છું કે લોકો માંદા પડે! આવા આશીર્વાદ તો કેવી રીતે અપાય?" મા શારદામણિદેવી અને મા સર્વેશ્વરીજીમાં ઘણા પ્રસંગોમાં ઘણું જ સામ્ય જોવામાં આવે છે.) નાહીને દરરોજ મા શારદા પ્રાર્થના કરતાં : "મા, જગદંબે, જગતનું કલ્યાણ કરો." પગલીમામી (માનાં ભાભી સૂરબાળાદેવી) તો માતાજીને ખૂબ જ ગાળઓ દેતાં છતાં, માતાજી તેમની ઘેલછાઓ તરફ ધ્યાન પણ ન આપતાં. એક દિવસ મામીએ એમને 'સર્વનાશી' કહ્યું ત્યારે 'સર્વનાશી' ન કહેતી. જગતભરમાં મારાં સંતાનો વેરાયેલાં છે, તેમનું અકલ્યાણ થશે. જ્યારે જ્યારે નિવેદિતા માતાજી પાસે આવતાં ત્યારે માતાજી તેને પાસે બેસાડી કુશળ પૂછતાં. બેમાંથી કોઈ એકબીજાની ભાષા સમજતું નહિ, પરંતુ બંનેના ભાવ-વિનિમયમાં કોઈ મુશ્કેલી પડતી નહિ.

એક દિવસ નિવેદિતા માતાજીની પાસે આવીને બેઠાં. ત્યારે માતાજીએ એને એક ઊનનો પંખો આપ્યો ને કહ્યું : "આ મેં તારે માટે બનાવ્યો છે." ભગિની નિવેદિતા એથી ખૂબ રાજી થયાં. પંખાને ઘડીક માથે અડકાડે તો ઘડીક છાતીએ લગાડે ને કહે,

"કેટલો સુંદર! કેવો અદ્‌ભુત!" એને આમ કરતાં જોઇ માતાજી બોલ્યાં, "આવી નજીવી વસ્તુ મેળવવાથી પણ એને કેવો આનંદ થાય છે! એને કેટલી બધી શ્રદ્ધા છે! જાણે સાક્ષાત્ દેવી! નરેન (સ્વામી વિવેકાનંદ) તરફ કેવી ભક્તિ રાખે છે! નરેન આ દેશમાં જન્મ્યો છે એટલે સર્વસ્વ તજી અહીં એનું કામ કરવા આવી છે. કેવી ગુરુભક્તિ! ને આ દેશ તરફ કેટલો પ્રેમ!"

ભગિની નિવેદિતાએ માતાજીને એક જર્મન–સિલ્વરની દાબડી આપી હતી. તેમાં એમણે શ્રીરામકૃષ્ણના વાળ રાખ્યા હતા. માતાજી કહેતાં, "પૂજા વખતે દાબડી જોઇને જ નિવેદિતા યાદ આવે." અને કહેતાં "નિવેદિતા મને કહેતી કે, "મા, ગયે જન્મે અમે હિન્દુ હતાં. ઠાકુરના સંદેશના પ્રચાર માટે તે દેશમાં જન્મ્યાં છીએ."

માતાજી એમના સંતાનોએ આપેલી ભેટો ખૂબ જતન કરીને રાખતાં અને કહેતાં, "વસ્તુની વળી શું કિંમત છે? કિંમત છે યાદગીરીની, ભાવની."

ઘણા વખત પછીની વાત છે. માતાજીની પેટીમાંથી કપડાં બહાર કાઢી તડકામાં મૂકતી વખતે રામમયે (સ્વામી ગૌરીશ્વરાનંદે) એક જૂની જાડા રેશમની ચાદર જોઇને કહ્યું, "મા, આ રાખીને શું કરશો? તદ્દન ફાટી ગઇ છે. ફેંકી દઉં?" માતાજી બોલ્યાં, "ના રે ના દીકરા, કેટલા પ્રેમથી નિવેદિતાએ મને તે આપી હતી! એ રહેવા દે." એમણે ચાદરની ગડીમાં, કાળુજીરું મૂકીને પેટીમાં મૂકતાં કહ્યું, "આ ચાદર જોઇ નિવેદિતા યાદ આવે. કેવી મજાની છોકરી હતી! શરૂઆતમાં મારી સાથે વાતો નહોતી કરી શકતી. છોકરાઓ સમજાવતાં. પાછળથી તે બંગાળી ભાષા શીખી ગઈ. મારી બા તરફ એને ખૂબ પ્રેમ હતો." □



# શ્રી શ્રી મા આનંદમયી

જ્યોતિબેન થાનકી

[ભારતના આધુનિક ઈશ્વરદર્શી અગ્રગણ્ય સ્રીસંતોમાં શ્રી શ્રી મા આનંદમયીની ગણના કરવી પડે. તેઓશ્રીના જીવનની વિવિધ ઘટનાઓને સાત્ત્વિક સાહિત્યનાં સિદ્ધહસ્ત લેખિકા શ્રી જ્યોતિબેન થાનકીએ સરસ રીતે કલમબદ્ધ કરી છે. જનકલ્યાણે તે ઘટનાઓને એક આખા નવેમ્બર, ૯૫ ના ખાસ અંકમા પ્રસિદ્ધ કરી છે. તેમાંથી અહીં ત્રણ ઘટનાઓ રજૂ કરી છે; જેથી આવા સંતોની કદી ખોટી રીતે કસોટી ના કરાય કે પરીક્ષા ના લેવાય તેનો બોધપાઠ મળે છે. વળી તેઓની સંકલ્પશક્તિ કેવી પ્રબળ હોય છે, તેની પ્રતીતિ "માનો ફોટો પાડયો" ઘટનામાં જોવા મળે છે. માનું નામ 'આનંદમયી મા' ક્યારે પડયું તેનો ઉલ્લેખ પણ આમાં આવે છે. —તંત્રી]

મા ને ભોળાનાથ સાથે જ્યોતિષબાબુ પણ સિદ્ધેશ્વરી આવ્યા.
ત્યાં મા તો યજ્ઞવેદીના ખાડાની અંદર બેસી ગયાં.

થોડી જ વારમાં ભાવજગતમાં ડૂબી ગયાં.

પણ ત્યારે માનો ભાવ અનોખો હતો. ચહેરો તેજથી દીપ્ત હતો.
મુખ પર અલૌકિક પ્રસન્નતા છવાયેલી રહી.

જાણે અંતરમાંથી દિવ્ય આનંદનો મહાસ્રોત ઉછાળા મારી બહાર ધસમસતો આવતો ન હોય! મહાઆનંદના એ આંદોલનો ત્યાં ઊભેલા જ્યોતિષબાબુ ને ભોળાનાથ પણ અનુભવી રહ્યા હતા. માનું રોમેરોમ એ મહાઆનંદના સ્રોતમાં તરબોળ હતું. મા સ્વયં

જાણે પરબ્રહ્મના એ આનંદનું જીવંત રૂપ બની ગયાં. આવું આનંદમય સ્વરૂપ જ્યોતિષબાબુએ અગાઉ ક્યારેય જોયું નહોતું. યજ્ઞવેદીની વચ્ચે ભાવસમાધિમાં લીન અને મુખ પર દિવ્ય આનંદને પ્રગટ કરતાં માના આ અનુપમ સ્વરૂપને જોતાં જ ભાવવિભોર બની ગયેલા જ્યોતિષબાબુ માને સમગ્ર અસ્તિત્વથી વંદી રહ્યા ત્યારે તેમના અંતરમાં પ્રેરણા જાગી.

સહજપણે બોલી ઊઠયા : "પિતાજી, (ભોળાનાથ) હવેથી આપણે માને 'આનંદમયી મા' કહીને બોલાવીશું."

તેમના અંતરમાંથી ઉદ્‌ભવેલી આ સહજ પ્રેરણા, ભોળા-નાથના અંતરને પણ સ્પર્શી ગઇ. તે સમયે માનું આનંદમય મૂળ સ્વરૂપ એવું પ્રગટયું હતું કે તેને અનુરૂપ આ નામ ભોળાનાથને પણ પસંદ પડી ગયું. તેમણે પણ સ્વીકારી લીધું. ત્યારથી 'શાહ-બાગનાં માતાજી' 'મા આનંદમયી' બની ગયાં. એ કયો શુભ દિન હતો ને તે કઇ શુભ ઘડી હતી તેની નોંધ લેવાઇ નથી. પણ તે પુનિત પળે જગતને ઉત્પન્ન કરનાર પરમાત્માનો પરમાનંદ માના દેહમાં ઊતરી આવ્યો ને એકાકાર બની ગયો—સંસારના સંતપ્ત ને દુનિયાના દુઃખી લોકોને એ માતૃસ્વરૂપ દ્વારા પરમાત્માની એ દિવ્ય અલૌકિક આનંદની ભેટ આપવાને માટે.

મા હવે 'આનંદમયી' બની શાહબાગ પાછાં ફર્યાં. પણ પાછા ફરતી વખતે જ્યોતિષબાબુના ચહેરા પર આનંદને બદલે ઉદાસી ફરી વળી હતી. ઓફિસમાં જતાં સાહેબ શું કહેશે તેની ચિંતાને એ દિવ્ય આનંદનું સ્થાન લઇ લીધું.

માએ પૂછતાં, અંતરમાં ચાલતી આ વાત માને કહી ત્યારે કહ્યું:



"કોઇ જાતની ચિંતા કરીશ નહીં."

બીજે દિવસે ઓફિસે ગયા, ત્યારે સાહેબે કંઇ જ પૂછ્યું નહિ. તેઓ પૂર્વવત્ કામે લાગી ગયા.

માની કૃપાનું આ પરિણામ છે એમ માની ગદ્‌ગદિત બની ગયા ને દિનપ્રતિદિન એ કૃપાધારામાં વધુ ને વધુ તરબોળ બનતા રહ્યાં.

### ગરમ અને ઠંડાનો ભેદ

મા સાથે જ્યોતિષ બાબુનો વ્યવહાર પુત્રવત્ હતો. મનમાં ઊઠતા બધા પ્રશ્નો મા સમક્ષ બાળભાવે રજૂ કરી દેતા હતા. મા પણ યોગ્ય ઉત્તર આપી મનનું સમાધાન કરી દેતાં. પણ તે દિવસે તો જ્યોતિષબાબુએ જુદા જ પ્રકારનો પ્રશ્ન પૂછ્યો : "મા, તમારે માટે તો બધું જ સરખું છે. ગરમ ને ઠંડામાં પણ તમને કંઇ જ તફાવત ન લાગે. તો, સળગતો કોલસો તમારા પગ પર પડે તોય કંઇ દુઃખ ન થાય ને?"

આ સાંભળી મા ભાઇજી(જ્યોતિષબાબુ)ની સામે જોઇ જ રહ્યાં.

હસીને બોલ્યાં : "તો એમ કરી જોઇ લે કે શું થાય છે!"

આ સાંભળી એ ચોંકી ગયા કે માનુ તો ભલું પૂછવું! તેઓ તો સાચે જ મારી પાસે બળતો કોલસો શરીર પર મૂકાવશે ને મને જોવાનું કહેશે! એટલે પછી આ વાત ફરીથી કદી ઉચ્ચારી નહીં. વિસારે જ પાડી દીધી. પણ મા એ ભૂલ્યા નહોતાં.

થોડા દિવસ બાદ માએ સળગતો કોલસો પગ ઉપર મૂકી જ દીધો. તેઓ જે ભાવમાં હતાં એ જ ભાવમાં સ્થિર રહીને અગ્નિદ્વારા શરીરના એ ભાગમાં થતી પ્રક્રિયાને અનુભવતાં રહ્યાં.

જે ભાગમાં કોલસો મૂક્યો હતો એ ભાગ બળી ગયો.

ફક્ત ચામડી જ નહીં પણ અંદરનું માંસ પણ બળવા લાગ્યું.

બધું બાળીને અંગારો તો ઠરી ગયો. પછી એ ભાગ પાક્યો.

તેમાં પરૂ થઇ ગયું. પણ મા તો સ્વસ્થ ચિત્તે, સાક્ષીભાવે સઘળું નિહાળતાં રહ્યાં.

દાઝયાની પીડાનો અણસાર સુદ્ધાં ચહેરા ઉપર જણાયો નહોતો.

લગભગ મહિનો થયો તોય બળેલો ભાગ કેમેય રુઝાતો નહોતો.

જ્યોતિષબાબુ હવે પારાવાર પસ્તાવો કરી રહ્યા હતા. માને તો વેદના નહોતી, પણ એ વેદનાનો અનુભવ જ્યોતિષબાબુ કરી રહ્યા હતા. ખૂબ જ દુઃખી થતા હતા કે મેં મૂરખાએ આવી વાત ક્યાં કરી?

દુઃખી દિલે એક દિવસ મા પાસે આવ્યા. જોયું તો દુઃખતા પગને લંબાવી મા બેઠાં હતા ને બહાર એક દૃષ્ટિથી કંઇક જોઇ રહ્યાં હતાં.

માને પ્રણામ કર્યાં. બળી ગયેલા ભાગમાં પરૂ હતું તે ચૂસી લીધું.

અંતરથી તીવ્રભાવે પ્રાર્થના કરી કે, દાઝેલો ભાગ જલદીથી સારો થઇ જાય, ખરેખર તે પછી પગ જલદી સારો થઇ પણ ગયો.

ઘણા દિવસોબાદ ભાઇજીએ આ વિશે પૂછ્યું હતું :

"પગ ઉપર બળતો અંગારો મૂક્યો ત્યારે કેવું લાગ્યું હતું?"



ત્યારે માએ કહ્યું હતું : "લાગવા કરવાની વાત તો કરી શકતી નથી. એ તો એક રમત સિવાય બીજું કંઇ નથી. અંગારો શું કરે છે તે પણ આનંદપૂર્વક જોતી હતી. પ્રથમ પગનાં રુંવાડાં બળતાં જોયાં. પછી ચામડી બળવા લાગી. પછી તેમાંથી વાસ નીકળવા લાગી. એ પછી અંગારો પોતાનું કાર્ય પતાવી ઓલવાઇ ગયો. ઘા થયો ત્યારે તે માફક જ રહ્યો. તારી તીવ્ર ઇચ્છા થઇ કે ઘા જલદીથી સૂકાઇ જાય એટલે તુરત જ ઘા સૂકાવા લાગ્યો."

"પોતાના બળતા શરીરને પણ જે સાનંદ જોઇ શકે તે કેવી સમતાભરી સ્થિતિ હશે! દેહભાવથી કેવી અલિપ્તતા હશે!

જ્યોતિષબાબુ તો આંખમાં આંસુ સાથે માતૃચરણે વંદી રહ્યા.

### ગળ્યા–તીખાનો ભેદ

બળતા અંગારાની પીડામાં પણ આનંદની અનુભૂતિ કરી શકાય છે એ સ્વાનુભવથી માએ સિદ્ધ કરી બતાવ્યું. પણ કંઇ બધા લોકો એનો અનુભવ કરી શકે નહીં. પણ માની તો વાત જ અનોખી હતી.

તેઓ જે પરમ ચેતનામાં વસતાં હતાં ત્યાં માનવની ચેતનાના નિયમો લાગુ પડતા નહોતા. પીડા, દુઃખ, વેદના, ચિંતા, ઉદ્વેગ આ બધાં મન, પ્રાણ અને શરીર સાથે સંકળાયેલાં પરિબળો મનથી પર રહેલી ચેતનાને કોઇ જ અસર પહોંચાડી શકતાં નથી. આથી જ મા હંમેશાં સમતા, સ્થિરતા, શાંતિ અને આનંદની સહજ અવસ્થામાં કોઇ પણ પરિસ્થિતિમાં રહી શકતાં. માએ પોતે જ દીદીને કહ્યું હતું :

"હવે સૂઇ રહેવાનું, ફરવાનું, ચાલવાનું, વાતો કરવાનું બધી એક જ અવસ્થા છે એવું પ્રતીત થાય છે. એવો કોઇ ભેદ જણાતો

નથી. હંમેશાં એક જ સ્થિતિમાં છું એવું લાગે છે."

મા બધો જ સમય એ પરમ ચેતના સાથે તદ્રૂપ બનીને જીવતાં હતાં એટલે એમને માટે બધું સમાન બની ગયું હતું. પણ તેઓ જેમની સાથે રહેતાં હતાં તે બધા લોકો માટે બધું સમાન બની ગયું નહોતું.

તે સમયે વારંવાર ભાવાવેશ આવી જતાં ઘરનું કામકાજ કરી શકતાં નહોતાં, અને અન્ય વ્યવસ્થા હજુ થઇ નહોતી, ત્યારે મસાલો વાટી પડોશની સ્ત્રી માને આપી જતી.

તેમાં એક દિવસ તીખા મરચાં પણ વાટેલાં હતાં.

પતિને તે બહુ જ તીખું લાગ્યું. તેઓ ખીજાયા પણ ખરા. કહ્યું :

'તમારા માટે તો ગળ્યું ને તીખું બધું સરખું. એટલે તીખું ક્યાંથી લાગે? અરે, તમને તો લાલ મરચાંની યે અસર નહીં થાય!"

માએ કહ્યું : "તમારી ઇચ્છા હોય તો લાલ મરચાંનો ભૂકો ખવડાવી જુઓ–પછી તમેય જુઓ ને હુંય જોઉં."

"હા, પણ ખાતી વખતે મોઢેથી સિસકારા ન નીકળવા જોઇએ ને આંખમાંથી પાણી પણ ન પડવું જોઇએ. તો જ માનીશ કે તમને મરચાંની કંઇ જ અસર થઇ નથી ને તમારા માટે બધું સરખું છે."

"જોઇએ, શું થાય છે તે." માએ સ્થિરભાવે કહ્યું.

પછી પતિએ મૂઠી ભરી લાલ મરચાંનો ભૂકો લઇ મોઢામાં મૂકી દીધો. સાથવો ખાતાં હોય તેમ આરામથી ખાવા લાગ્યા.



ન તો મોઢામાંથી એક સિસકારો નીકળ્યો કે ન આંખમાંથી પાણીનું ટીપું પડયું! બધો ભૂકો આનંદથી આરોગી ગયાં!

પતિ સ્તબ્ધ બનીને જોતા ને જોતા જ રહી ગયા!

ખાધા પછી યે કોઇ જ ફરિયાદ નહીં. એ જ સ્વસ્થતા, એ જ શાંતિ ને ચિત્તની એ જ પ્રસન્નતા. બસ, એક કલાક સુધી શાંતભાવે સ્થિર બેસી રહ્યાં. પછી કામે વળગી ગયાં.

જાણે મરચું ખાધું જ ન હોય એવી શારીરિક સ્વસ્થતા હતી.

પણ પછી પતિને તાવ ચઢયો. પેટમાં જલન થવા લાગી.

મા રાત–દિવસ ખડે પગે સેવા કરતાં રહ્યાં.

પણ અઢાર–ઓગણીસ દિવસ સુધી તાવ ઊતર્યો જ નહીં.

એક રાત્રે તો તબિયત ખૂબ બગડી ગઇ. તેથી તેમનાં બહેન વિશિમા ને ભત્રીજો આશુ ખૂબ રડવા લાગ્યાં. બેહોશીની એ સ્થિતિમાં પતિ ઊઠયા. બેઠા થયા ને પોતાનાથી હવે સહેવાતું નથી એવું કહેવા લાગ્યા ત્યારે માએ કહ્યું : "કેટલીય વાર કહ્યું છે કે આ શરીરની પરીક્ષા ન લીધા કરો. એથી તમને જ કષ્ટ પડે છે."

આ અસહ્ય કષ્ટ સહીને થાકી ગયેલા પતિએ દીનભાવે કહ્યું :

"હવે પરીક્ષા નહિ લઉં, પણ આમાંથી મુક્ત કરો."

એ પછી એમને કંઇક ખાવાનું આપવાની માને પ્રેરણા થઇ. પણ ઘરમાં તો ત્યારે કંઇ જ રાંધ્યું નહોતું. ઘરમાં ચેવડો પડયો હતો.

પાણીમાં પલાળી થોડો ચેવડો પતિને ખાવા આપ્યો.

સામાન્ય રીતે તો આટલા લાંબા સમયથી બીમાર હોય, તાવ

આવતો હોય, ઝાડા થતા હોય, દિવસોથી ખાધું ન હોય, તેવા અશક્ત માંદા દરદીને કંઇ તળેલો ચેવડો સીધો ખાવા આપી શકાય નહીં. આરોગ્યની દૃષ્ટિથી જોતાં નુકસાન જ કરે. પણ માના કાયદાઓ નિરાળા હતા. 'ખ્યાલ' આવે એ પ્રમાણે જ કરતાં રહેતાં. પતિએ આર્તભાવે વિનતિ કરી કે સાજાં કરી દો. એટલે પછી એમને માટે જે અંતઃપ્રેરણા થઇ તે પ્રમાણે કરવા લાગ્યાં. ચેવડો ખવડાવીને સુવડાવી દીધા. બીજે દિવસે પતિના ઝાડા તો બંધ થઇ ગયા પણ તાવ વધ્યો. પછી ધીમે ધીમે તાવ પણ ઊતર્યો ને સાજા થઇ ગયા. પણ માની પરીક્ષા કરવા મૂઠીભર મરચાંના ભૂકાની જલન વીસ દિવસ ભોગવવી પડી. વધારે પણ ભોગવવી પડત, પણ માએ જ એમના આ કર્મફળમાંથી ઉગારી લીધા! એ પછી ક્યારેય માની પરીક્ષા કરી નહીં.

### માનો ફોટો પાડયો

હવે તો જુદી જુદી ભાવ મુદ્રાઓમાં માના અસંખ્ય ફોટાઓ પ્રાપ્ય છે. પણ શાહબાગમાં હતાં ત્યારે તો બહુ જ ઓછા ફોટા લેવાયા હતા.

તે સમયે દુર્ગાપૂજાના દિવસો હતા. અષ્ટગ્રામથી શશીભૂષણદાસ ગુપ્ત શાહબાગ આવ્યા હતા. તેમની આંતરિક ઇચ્છા હતી કે, માનાં દર્શન કરી જુદા જુદા ભાવમાં ઘણા ફોટાઓ લેવા. આથી કેમેરા પણ સાથે લાવ્યા હતા. માના ફોટા માટે સંમતિ આપવા પતિને વિનંતિ પણ કરી. સ્વીકૃતિ મળતાં ફોટાનો દિવસ પણ નક્કી કરી લીધો. પરંતુ તે દિવસે તો મા સવારથી એકાંત ઓરડામાં ચાલ્યાં ગયાં.

અટલબાબુનાં પત્નીને બહાર બેસાડી કહ્યું :

"કોઇનેય અંદર આવવા ન દેશો."



એકાંતમાં જઇને સમાધિમાં એ લીન થઇ ગયાં. આ બાજુ પતિ તેમની યોજના મુજબ, જ્યોતિષબાબુ અને શશીભૂષણને લઇને આવી પહોંચ્યા. પતિને એમ કે ફોટો પાડવો છે એમાં શી મોટી વાત છે? માને બેસવાનું કહી દઇશું. પછી ફટાફટ ફોટો પડી જશે. પાંચ મિનિટનું ટચુકડું કામ છે! માના ફોટાઓ પાડવાની તક મળી એથી શશીભૂષણ પ્રસન્ન હતા. પૂરી તૈયારી સાથે આવ્યા હતા કે માના વિવિધ પ્રકારે અનેક ફોટાઓ પાડી શકાય. પણ મા ક્યાં હતાં કે ફોટો પાડે? અંદર જવાની તો ખુદ માએ જ મનાઇ કરી હતી. પણ પતિ અંદર ગયા. જોયું તો મા દેહભાવમાં જ નહોતાં. સમાધિમાં સંલગ્ન ને નિમગ્ન. તેઓ થોડા ધૂંધવાયા. પણ ગુસ્સો કરે કોના ઉપર? માને જગાડવાની કોશિશ કરી. જગાડયાં પણ ખરાં. માએ આંખો ઊઘાડી. પણ પાછાં ભાવસમાધિમાં ચાલ્યાં ગયાં. પૂરું બાહ્ય ભાન આવ્યું જ નહીં. હવે ફોટો કેવી રીતે લેવો? માને જગાડવાં એ કંઇ પતિના વશની વાત નહોતી. એ સ્થિતિ એમની આજ્ઞા–આદેશના બહારના પ્રદેશની હતી. ફોટા માટે બેસવાની માને આજ્ઞા કરી, ફોટો લેવડાવી શકશે એવી ખાતરી હતી, પણ ધાર્યા કરતાં પરિસ્થિતિ જુદી જ ઉપસ્થિત થઇ. હવે ફોટા તે જ દિવસે લેવા પડે તેમ હતા; કેમ કે, તે દિવસે સાંજે તો શશીભૂષણ ચાલ્યા જવાના હતા. એટલે પછી પતિએ નક્કી કર્યું કે બાહ્ય ભાન આવે તો ઠીક છે, નહીંતર આ જ ભાવદશાના ફોટાઓ લેવા.

આથી માને પકડીને બહાર લવાયાં. તેમણે ને જ્યોતિષબાબુએ કેમેરાની સામે બેસાડયાં. પણ મા તો સમાધિમાં જ નિમગ્ન હતાં. એ સ્થિતિમાં બેસાડી બંને દૂર ખસી ગયા. શશીભૂષણે ફોટાઓ પાડયા. ભાવદશામાં હોવાથી, શરીર એકદમ શિથિલ હોવાથી મનનું કોઇ નિયંત્રણ ન હોવાથી, માના ફોટા બરાબર પડતા નથી

એવું દરેક વખતે શશીભૂષણને લાગતું હતું. એટલે શશીભૂષણે ફોટાની અઢાર પ્લેટ લીધી! પણ ખરેખર બધી જ પ્લેટો બગડી ગઈ. માત્ર છેલ્લી પ્લેટનો જ ફોટો આવ્યો. અને તે માની ભાવસમાધિનો અનુપમ ફોટો બની રહ્યો. માની સાધનાની સર્વોચ્ચ સીમા અને સિદ્ધિનું મૂર્તિમંત રૂપ એમાં દેખાય છે. એમાં વિશિષ્ટતા એ આવી કે માના લલાટમાં ચાંદલાની જેમ એક તેજનું વર્તુળ દેખાય છે, અને જ્યોતિષબાબુ માની પાછળ ઊભેલા છે! ખરેખર તો જ્યોતિષબાબુ ને ભોળાનાથ બંને કેમેરાની પાસે, ફોટામાં ન આવે તે રીતે, માની સામે ઊભા હતા. છતાં જ્યોતિષબાબુ માની પાછળ ફોટામાં આવી ગયા! આમ કેમ બન્યું? આ બંને વિલક્ષણ ઘટનાઓ વિશે પાછળથી માને પૂછ્યું ત્યારે સ્પષ્ટતા કરી : 'અંધારી કોટડીમાં આ શરીર પડી રહ્યું હતું ત્યારે ચારે બાજુએ પ્રકાશથી ઘર ભરાઈ ગયું હતું. ફોટો લેવા માટે બહાર લાવીને બેસાડી ત્યારે એ પ્રકાશ હતો. ધીમે ધીમે ઓછો થતાં થતાં એ કપાળ ઉપર ગયો હતો. ત્યારે લાગ્યું કે જ્યોતિષ જાણે પછવાડે ઊભો છે. હવે તેનાથી શું થયું તે તમે જાણો.'

આ ઘટના વિશે દીદી લખે છે : 'આમ માના મનમાં રહેલો એ ભાવ બહુ જ તીવ્ર થઈ જવાથી, ઘનીભૂત થઈ સાકારરૂપે બહાર પડયો એટલે પ્લેટમાં એવું પ્રતિબિંબ પડયું. આ પહેલાં પણ એકવાર ફોટો લેતી વખતે મા ભાવાવસ્થામાં હતાં અને એમનો ડાબો હાથ એકદમ ઊંચો થઈ ગયો. એ ફોટામાં પૂર્ણ ચંદ્રની આકૃતિનું ચિહ્ન હાથ ઉપર પડયું હતું."

શશીભૂષણ ફોટો પાડતા હતા ત્યારે દરેક વખતે એમનું હૃદય ધડકી ઊઠતું હતું. એમના મનમાં શંકા થતી કે પ્લેટ બગડી જશે તો? ફોટો સારો નહીં આવે તો? અને ખરેખર એ શંકા પણ ત્યારે



સાકાર બની, અને અઢારમાંથી સત્તર પ્લેટો બાતલ ગઈ.

આ વિલક્ષણ અનુભવ અંગે જ્યોતિષબાબુને ફોટો મોકલતી વખતે એમણે પત્રમાં લખ્યું હતું : "ઉપર જણાવેલો ફોટો લેતી વખતે એકેક સ્લાઈડમાં છ–છ લોડ કરીને, ત્રણ વાર કરીને બધું મળીને અઢાર પ્લેટો ઉતારી. પહેલી કેટલીક પ્લેટો તો બિલકુલ ઊઠી જ નહીં. કેટલીકમાં પાછળના ભાગમાં પડછાયાની માફક છાયા પડેલી હતી. માત્ર છેક છેલ્લી પ્લેટમાં જ માની છબિ પૂર્ણરૂપે ઊઠી હતી. તમે તો કેમેરાની રેન્જથી ઘણે દૂર હતા અને માની તરફ જોઈને એક્સપોઝર આપવા માટે મને ઈશારો કરતા હતા. દરેક પ્લેટ એક્સપોઝ કરતી વખતે મારી છાતી ધડકી ઊઠતી હતી અને તે દરેક પ્લેટ બગડી ગઈ છે તેમ માની બહુ દિલગીર થઈ જતો. છેલ્લી પ્લેટ એક્પોઝ થઈ ત્યારે અપૂર્વ આનંદ થયો. તે વખતે પહેલી જ વાર માનાં ચરણનો આશરો લીધો હતો. આજકાલ આવી ઘટના બની હોત તો મારી શી દશા હોત તે કહી શકતો નથી."

દેહનો પ્રકાશ, જેને તેજોવલય કે આભાચક્ર કહીએ છીએ તે, સાધનાની ઉચ્ચ ભૂમિકાએ પ્રત્યક્ષરૂપે પ્રગટ થાય છે. અને એ પ્રકાશ દેહની આજુબાજુ ઝળહળતો રહે છે; એટલું જ નહીં, દેહના કોઈ પણ કેન્દ્રબિંદુમાં એકત્ર થઈ રહેતો હોય છે તેની નક્કર પ્રતીતિ માનો આ ફોટો કરાવે છે. એટલું જ નહીં, આધ્યાત્મિક જગતનું બીજુ રહસ્ય, પરમ ચેતનામાં રહેનાર યોગીઓના વિચારો પણ રૂપ ધારણ કરી શકે છે, તે પ્રગટ કરતો માનો આ ફોટો ખરેખર વિલક્ષણ છે.






# અષ્ટાવક્ર ઋષિ

વામનરાય પ્રા. પટેલ

ઉદ્દાલક ઋષિને સુજાતા નામની એક કન્યા હતી. ઋષિ વ્યવહારચતુર હતા. કન્યા ઉંમરલાયક થઈ. એના લગ્નનો વિચાર ઋષિએ કર્યો. દીકરીને આ લોક તથા પરલોકનું પણ સુખ મળે એવો વર શોધવો જોઈએ એમ એમને લાગ્યું. બીજે ક્યાં શોધવો ને તેનાં કુટુંબીજનો કેવાં છે, તે કેવો છે એ બધું જાણવાની જહેમત ઉઠાવવાની એમને જરૂર ન લાગી; કારણ એમના જ આશ્રમમાં એક કહોડ નામે વિખ્યાત શિષ્ય હતો. આ શિષ્યે લાંબા વખત સુધી વેદાધ્યયન તથા ઉદ્દાલક ઋષિની ગુરુસેવા કર્યાં હતાં. તે ગુરુસેવાથી પ્રસન્ન થઈ એમણે એ ધર્મનિષ્ઠ ગુરુભક્ત કહોડ સાથે સુજાતાને પરણાવી.

સમય જતાં સુજાતાને તેજસ્વી ગર્ભ રહ્યો. પિતા વેદાધ્યયન કરતા, કથા કરાવતા, તે સર્વ પૂર્વજન્મના તપોબળથી તે ગર્ભ સાંભળતો. પિતા આખી રાત વેદનું અધ્યયન કરતા; પણ તેમાં કેટલીક ત્રૂટિ રહી જતી. સુજાતાના પૂર્વજન્મના વેદાભ્યાસી ગર્ભે આ જોયું. શિષ્યોને આવું ભૂલભર્યું શીખવતા જોઈ શિષ્યોના દેખતાં જ તે ગર્ભે કહ્યું : 'પિતાજી! તમે આખી રાત અભ્યાસ કરો છો; પણ તે બરોબર થતો નથી ને તેથી શિષ્યોને શિક્ષણ પણ બરોબર નથી અપાતું.'

શિષ્યોનાં દેખતાં ગર્ભમાં રહેલા પુત્રે આ પ્રકારનું મહેણું માર્યું તેથી એમને ક્રોધ ચડ્યો. ક્રોધવશ પિતાએ ઉદરમાં રહેલા પુત્રને

તેથી શાપ આપ્યો : 'તું પેટમાં રહ્યો રહ્યો આવું વાંકું બોલે છે, તેથી તું આઠ ઠેકાણે વાંકો થજે.' આથી તે ગર્ભમાં રહેલા મહર્ષિ જ્યારે જન્મ્યા, ત્યારે આઠ વાંકાં અંગ સાથે જન્મ્યા ને અષ્ટાવક્ર નામથી પ્રસિદ્ધ થયા.

એ બાળક ગર્ભમાં વધી રહ્યો હતો, તે વખતે પીડા પામતી સુજાતા ધનની ઇચ્છાથી પોતાના ધનહીન પતિને એકાંતમાં વિનયપૂર્વક કહેવા લાગી : 'હે મહર્ષિ! આ મને દશમો મહિનો ચાલે છે. મારી પાસે કાંઇ ધન નથી. તમારી પાસે પણ કાંઇ સંપત્તિ નથી કે જેથી આ પ્રસંગમાંથી પાર પડીએ.'

પત્નીનાં આવાં વચન સાંભળી કહોડ ઋષિ ધન મેળવવા જનક રાજા પાસે ગયા. જનક રાજાના દરબારમાં આ વખતે વરુણનો પુત્ર બંદી રાજપંડિત હતો. કહોડ ઋષિ પણ મહાવિદ્વાન હતા. કેટલાયે વિદ્વાનોને એમણે શાસ્ત્રચર્ચામાં હરાવ્યા હતા. છતાં જનક રાજાના રાજપંડિત બંદીની સાથે એમણે વિદ્યાચર્ચા કરવાની ઇચ્છા જણાવી. દરબાર સમક્ષ એ ચર્ચાનું આમંત્રણ બંદીએ સ્વીકાર્યું. એ ચર્ચામાં બંને પક્ષે પ્રતિજ્ઞા લીધી કે જે હારે તે જળસમાધિ લે. અસાધારણ બુદ્ધિવાળા ઘણાયે પંડિતોને હરાવનાર કહોડ ઋષિ કર્મધર્મસંયોગે હાર્યા; આથી બંદી સાથેની શરત મુજબ એમને જળશરણ થવું પડયું.

'સુજાતાને માથે તો જાણે દુઃખોનો ડુંગર તૂટી પડયો. સાધન વિનાની હતી, હવે પતિ વિનાની બની. એને એક જ આશ્રય એના પિતાનો રહ્યો.' તેથી તે પિતા પાસે આવી રહી. તુરતનો જન્મેલો અષ્ટાવક્ર સાથે હતો. અષ્ટાવક્ર એ તો સમજણમાં આવ્યો ત્યારથી ઉદ્દાલક ઋષિને જ પિતા તરીકે ને શ્વેતકેતુને ભાઇ તરીકે જાણ્યા હતા ને તે જ પ્રમાણે ઉદ્દાલક સાથે વર્તન કરતો. ઉદ્દાલક



ઋષિને જ પિતા સમજતો; ઋષિએ સુજાતાને પણ કહી રાખ્યું હતું કે બાળ અષ્ટાવક્રને એના પિતાના કરુણ અંતની ખબર ન પડવા દેવી. તેથી તેણે આ વાત ગુપ્ત રાખી એટલે અષ્ટાવક્રને આ વાતની બહુ લાંબા વખત સુધી ખબર ન પડી.

આમ ને આમ અજ્ઞાનમાં અષ્ટાવક્રનાં બાર વર્ષ ગયાં. ત્યાર પછી એક દિવસ તે ઉદ્દાલક ઋષિના ખોળામાં બેઠો હતો ને ઋષિને 'હે તાત!' કહી કાંઇ કહેવા જતો હતો. શ્વેતકેતુએ જરા ક્રોધથી અષ્ટાવક્રને ઋષિના ખોળામાંથી બે હાથ પકડી ઉતારી મૂક્યો ને કહ્યું : 'આ કાંઇ તારા બાપા નથી; આ તો મારા બાપ છે. આ ખોળા પર પ્રથમ મારો હક્ક છે.' શ્વેતકેતુના આ અપમાનથી અષ્ટાવક્રને અતિ દુઃખ થયું. તે વિચારમાં પડયા. ઉદાસ ચહેરે તે પોતાની મા પાસે ગયા ને પૂછ્યું : 'મારા પિતા કોણ છે? ક્યાં છે? મને ખરેખરી બધી વાત કહી દે.'

અષ્ટાવક્ર હતો નાનો, પણ બ્રહ્મતેજવાળો હતો. નાનો છતાં અગ્નિના અંગારા જેવો હતો. રખેને એને એના પિતાની વાત ન કહેવાથી એ કંઇક શાપ દઇ દે, એવી ભીતિ તેની માને લાગી, તેથી એના પિતાની સર્વ હકીકત અષ્ટાવક્રને એણે અથથી ઇતિ સુધી કહી દીધી. હવે અષ્ટાવક્ર સમજ્યો કે ઋષિજી એની માના બાપ—માતામહ હતા ને શ્વેતકેતુ ભાઇ નહિ પણ મામો હતો; ને આ આશ્રમ એનો નહિ પણ એ તો મામાનો આશ્રમ હતો.

પોતાના પિતાનો પરાજય એને ડંખ્યો; એને લીધે બંદીએ એમને જળસમાધિ આપી, જીવન બચાવવાની માનવતા ન દાખવી, એથી એને મનમાં ક્રોધ પણ ઊપજ્યો. પિતાને મારનારનો પરાજય કરી એને પણ એ જ રીતની સજા થવી જોઇએ. એવી વેરભાવના જાગૃત થઇ. એ વેરની વસૂલાત નથી, પશુધર્મ નથી,

પણ પુત્રધર્મ છે એવો એણે નિશ્ચય કર્યો ને તે દિવસથી અષ્ટાવક્ર તદ્દન બદલાઇ જ ગયો. તે ગંભીર બની ગયો. ઋષિજી જે કાંઇ શીખવતા તેમાં અપૂર્વ રસ લેતો થઇ ગયો. ખૂબ જ ધ્યાનથી અભ્યાસ કરવા લાગ્યો. એમ કરતાં કરતાં એનો અભ્યાસ એને પૂરો થયાની ખાતરી થઇ. એને પાકો વિશ્વાસ પણ આવ્યો કે, હવે કોઇ પણ એની સામે વિદ્યાના વાદમાં ઊતરે તો તેનો પરાજય કરી શકાશે; એથી એણે ઋષિજીને કહ્યું : 'મારા પિતાનું કામ અધૂરું રહ્યું છે. મારો ધર્મ છે કે તે મારે પૂરું કરવું જોઇએ. મારો વિચાર છે કે જનકરાજાના દરબારમાં જઇ આપની પાસેથી મેળવેલી વિદ્યાનો પ્રભાવ બંદીને બતાવવો, એનો પરાજય કરવો; આપ મને જણાવો કે આ મહાન કાર્ય માટે મારી પૂરતી તૈયારી છે કે નહિ; ને જો તૈયારી થઇ હોય તો આપ મને આ કાર્ય માટે જવાની પરવાનગી તથા આશીર્વાદ આપો.'

ઉદ્દાલક : 'હે અષ્ટાવક્ર! મેં તને ઘણી વખત નાણી જોયો છે. મને તો ખાતરી છે કે બંદીને તું બરોબર પૂરો પડીશ; એનો પરાજય કરીશ. જા, તને મારો આશીર્વાદ છે.'

ઋષિની તો રજા મળી પણ માતા પાસેથી રજા મેળવવી એટલી સહેલી નહોતી. સ્ત્રીઓ સામાન્ય રીતે કોમળ હૃદયની ને ભીરુ સ્વભાવની હોય છે. તેથી અષ્ટાવક્રે જનક રાજાના દરબારમાં જવાની ઇચ્છા જણાવતાં જ એણે તો આંખમાંથી શ્રાવણ–ભાદરવો વરસાવ્યો ને 'આપણે આ ઉધામાની જરૂર નથી; અહીં શું ખોટું છે?' એમ તે બોલી.

અષ્ટાવક્ર કહે : 'એમ નિર્માલ્યવત્ પડી કેમ રહેવાય? મારા પિતાએ જે કાર્યનો આરંભ કર્યો ને પૂરું ન કરી શક્યા, તે મારે કરવું જ જોઇએ. પિતાના ગયાનું દુઃખ મને બહુ જ સાલે છે. આ



કામ જ્યાં સુધી હું કરી ન શકું ત્યાં સુધી મને જંપ નહિ વળે. હું હંમેશ દુઃખી જ રહેવાનો. મા! તું શું કામ ચિંતા કરે છે? શ્વેતકેતુ પણ સાથે આવવાનો છે.'

એટલામાં શ્વેતકેતુ ત્યાં આવ્યો. તેને જોઇ પ્રેમાળ માતા કહે : 'શ્વેતકેતુ! આ બધું તારું જ ધાંધલ લાગે છે. તેં અષ્ટાવક્રને આ કરવાને ઉશ્કેર્યો છે. તારી વિધવા બહેનનો આટલો એક આધાર છે, તે તું સાંખી શકતો નથી કેમ? તેને પણ વિધાતા ઝૂંટવી લે એમ તું ઇચ્છે છે?'

શ્વેતકેતુ : 'બહેન! તું અમસ્તી બીએ છે. આ અષ્ટાવક્રના જ્ઞાનની હજી તને કલ્પના નથી આવી. બાપુજીએ એની ખૂબ ખૂબ પરીક્ષા કરી જોઇ છે. એમને ખાતરી છે કે ઉંમરે નાનો છતાં અષ્ટાવક્ર સફળ થશે; બંદીને એ હરાવશે.'

સુજાતા : 'એના પિતા પાસે એ જ વિદ્યા હતી. એ કાંઇ એ વિદ્યામાં કોઇથી ઉતરે એવા નહોતા; પણ ભાઇ, કહેવત છે, 'ભણ્યો ભૂલે ને તારો ડૂબે' ભલભલા હોંશિયાર લોકો થાપ ખાઇ જાય છે, ત્યાં આ છોકરાનું શું ગજું?'

શ્વેતકેતુ : 'એવો ભય નિત્ય સેવ્યા કરીએ ને બેસી રહીએ તો કદી કોઇ પરાક્રમ થાય જ નહિ. કેવળ જીવી કાઢેલા જીવનની શી કિંમત? એવું નિર્માલ્ય જીવન જીવવાનો આપણા આ ઉદ્દાલક આશ્રમનો રિવાજ નથી; તમે જો અમને રોકી રાખશો તો અમે નહિ જઇએ; પણ અમારાં કેવળ શરીરો જ તમે અહીં યંત્રવત્ કાર્ય કરતાં જોશો; અમારો જીવ તો હંમેશ બહાર જ ભટકવાનો. અહીં અમને હવે ચેન પડવાનું નથી.'

સુજાતા કંઇક વિચારમાં પડી : ઊગતા છોકરાંઓનાં સાહસિક

મનનો ખ્યાલ કર્યો. એ રોકાયેલા રહે તો કેવા નિસ્તેજ, બેચેન બની રહે અને જીવન પર કંટાળો કરે; તે બધાંનો વિચાર કર્યો. વળી અષ્ટાવક્ર એકલો નથી જતો પણ સાથે એનો મામો શ્વેતકેતુ પણ જવાનો હતો, એ વિચારથી થોડી ધીરજ આવી, મનને ખૂબ કઠણ કર્યું. રડતાં રડતાં એણે કહ્યું : 'ત્યારે તમે બેઉ જાઓ. પરમ કૃપાળુ ભગવાન તમારું રક્ષણ કરો.'

માની મનની કે કમનની રજા તો મળી ગઈ; એટલે મામા–ભાણેજ બેઉએ ત્યાંથી જનક રાજાના દરબાર તરફ પ્રસ્થાન કર્યું. માને તો લાગ્યું જ કે, એ બંને મૃત્યુના મુખમાં જઈ રહ્યા હતા; ફરી પુત્રમુખ જોવા મળશે કે કેમ એની એને શંકા હતી. તેથી બેઉને જતા, બહુ દૂર જતા દેખાયા ત્યાં સુધી કરુણ વદને તે જોઈ રહી ને પછી એ દીર્ઘનિઃશ્વાસ સાથે ઘરમાં પેઠી.

મામા–ભાણેજ બેઉએ જનકરાજાની પોતાની તથા તેમના પંડિતોની વિદ્વત્તાની ખૂબ ખ્યાતિ સાંભળી હતી; તેથી માર્ગમાં પણ એ અનેક પ્રકારના વાદો ઊભા કરી તેનું ખંડન કેમ કરવું, પોતાના મતનું સ્થાપન કેમ કરવું વગેરે બાબતોના વિચાર–ચર્ચા કરતા કરતા મિથિલાનગરીમાં આવી પહોંચ્યા. પછી ત્યાંથી જનકરાજા જે અદ્‌ભુત યજ્ઞ કરી રહ્યા હતા, તે જોવાની ઇચ્છાથી તે માર્ગ પર વળ્યા.

માર્ગમાં જ જનકરાજાનો ભેટો થયો. અષ્ટાવક્રે એનાં વાંકાં અંગોથી જવામાં લગભગ આખો જ માર્ગ રોક્યો હતો. આ જોઈ જનકરાજાએ તેને કહ્યું : 'દૂર ખસી જા, મને માર્ગ આપ.'

અષ્ટાવક્રે તેને જવાબ આપ્યો : 'હે રાજા! માર્ગ–વપરાશના શાસ્ત્રીય નિયમનું આપને જ્ઞાન નથી લાગતું. નિયમ એવો છે કે



બ્રાહ્મણ ન મળ્યો હોય, ત્યાં સુધી જ બીજાનો હક્ક આ માર્ગ પર હોય છે. ને જ્યારે બ્રાહ્મણ ન હોય ત્યારે માર્ગ પર પ્રથમ હક્ક છે આંધળાનો, ત્યાર પછી બીજો હક્ક છે બહેરાનો, ત્રીજો હક્ક છે સ્ત્રીઓનો, ત્યાર પછી ચોથો હક્ક છે માથા પર બોજો વહેનારનો અને પછી પાંચમો હક્ક આવે છે રાજાનો. પણ બ્રાહ્મણ જો સામે મળ્યો હોય તો તેને જ પ્રથમ માર્ગ આપવો જોઈએ.'

બાર વર્ષના કદરૂપા છોકરાનું શાસ્ત્રનું આટલું ઊંડું જ્ઞાન જોઈ રાજા વિસ્મિત થઈ ગયો. પોતાની ભૂલ કબૂલ કરી. એ સમજી ગયા, આ છે બ્રાહ્મણ; અગ્નિનું સ્વરૂપ; ભલે નાનો પણ સ્વભાવ ને સ્વરૂપ તો એ જ. તેથી નમ્રતાથી કહેવા લાગ્યો, 'હે બ્રાહ્મણ-પુત્ર, લો આ માર્ગ, હું બાજુએ ખસી જાઉં છું. આપને જ્યાં જવું હોય ત્યાં ખુશીથી જાઓ.'

રાજાએ માર્ગ આપ્યો એટલે બેય રાજમહેલ તરફ વળ્યા. ત્યાં જઈ દ્વારપાળોને કહ્યું : 'અમો બંને અતિથિરૂપે અહીં આવ્યા છીએ. અમને બેઉને યજ્ઞ જોવાની ઇચ્છા છે; તથા જનકરાજા સાથે વાત કરવાની પણ ઇચ્છા છે, માટે અમે અહીં આવ્યા છીએ; તો હે દ્વારપાળો, અમને અમારી આ બેય ઇચ્છા પૂરી કરવામાં મદદ કરો.'

દ્વારપાળ બોલ્યો : 'હું તમને બંનેને વંદન કરું છું; તમે તો બંને બાળકો જેવા દેખાઓ છો' યજ્ઞશાળામાં બાળકો પ્રવેશ કરી શકતા નથી; એમાં તો વૃદ્ધ વિદ્વાનોને જ દાખલ થવાનો અધિકાર છે.

અષ્ટાવક્રે જવાબ આપ્યો : 'અરે ભાઈ, માથે પળિયાં આવે તેથી કાંઈ માણસ વૃદ્ધ બની જતો નથી. બાળક હોય છતાં પણ જો તે મહાજ્ઞાની હોય તો તે વૃદ્ધ જ કહેવાય છે. ઋષિઓ તો સાંગોપાંગ વેદાધ્યયન કરે તેને મહાન કહે છે. માટે હે દ્વારપાળ!

વિના સંકોચે, વિના ભીતિએ અમને તમે અંદર દાખલ કરો.'

દ્વારપાળ કહે : 'તમારી ઉંમર એટલી નાની દેખાય છે કે તમને યજ્ઞમાં પ્રવેશ કરાવવાની તો મારી હિંમત નથી ચાલતી; પણ તમારી બોલવાની છટા તથા મુદ્દાસર વાત કરવાની રીતથી મને લાગે છે કે તમારો કંઈક અભ્યાસ તો ઠીક ઠીક હશે જ, તેથી મારાથી બનતી મદદ હું તમને કરીશ. હું તમને બેઉને રાજાની મુલાકાત કરાવી દઉં છું; તમે ત્યાં તમારી વિદ્વત્તા તથા ઈચ્છા એમને જણાવજો એટલે એ બાબતમાં ઘટતું કરશે.'

(વધુ આવતા અંકે)

(વધુ આવતા અંકે)

ચિત્ત જો વિષયોમાં લપટાય તો તે બંધનકારક થઈ નડે છે, અને જો પરમાત્મા પરાયણ થાય તો તે મુક્તિદાયક થઈ પડે છે. યોગેશ્વરજી

ઈલેક્ટ્રીક મોટર, સબમર્સીબલ, ઓઈલ એન્જીન મશીન
તથા ખેતીવાડીને લગતા ઓજારો તથા તેના
સ્પેરપાર્ટસના છૂટક તથા જથ્થાબંધ વેપારી
સૌજન્ય : પૂજા એક્સપોર્ટસ
* જયંતીલાલ મોહનલાલ દઢાણીયા *
ખેતીવાડી એન્ડ ડીઝલ સ્પેર્સ,
એસ. ટી. સ્ટેન્ડ પાસે, ચીખલી.
જિલ્લો : વલસાડ, પીનકોડ : ૩૯૬૫૨૧.(ગુજરાત)
ફોન નં. : ૨૩૫૯, ૨૪૫૯, ૨૫૫૯
ફેક્સ : (૦૯૧) ૦૨૬૩૫૩-૨૪૫૯/૨૦૬૭



ફેબ્રુઆરીમાં આવતા પરમહંસદેવના જન્મદિનના
ઉપલક્ષ્યમાં અંજલિ

## * પરમહંસદેવને... *

કામારપુકુરના એ સંત
કાલી મંદિરના એક મહંત
ગહન આપનું રહસ્ય, વિશાળ અને અનંત
પામી ના શકે પામર જીવો આપને, પરમહંસ.
પૂજ્યભાવે કરું નમન
પ્રેમ થકી ધરું સુમન
કૃપા આપની વરસે સતત, કરુણાથી છલકાય નયન,
સમાધિમાં સદા સ્થિર, ચિર શાન્તિના આપ અયન.
પ્રેરણાનો પ્રવાહ વહે અપાર
પ્રગટ થાય આપ પૂર્ણાવતાર
સહજ આપનું વ્યક્તિત્વ, પ્રબળ આપના વિચાર
નરેન નામનો એ શિષ્ય જેણે કર્યો એનો વિસ્તાર
મુજ અબુધને દેજો સમજણ
આવી હું આજ આપને શરણ
નામ સ્મરતાં આપનું કરું હું આત્મસમર્પણ
સમગ્ર શક્તિ અને ભક્તિ મારી આપને અર્પણ.

— ચારૂ જલુંધવાલા

# * બીજું જોવાનું રહે જ નહિ *

શ્રી ચૈતન્ય મહાપ્રભુ

'શાસ્ત્રમાં અનેક સાધન અને ઉપાયો બતાવ્યા છે, પરંતુ આ કાળમાં તો હરિનામ સ્મરણ સિવાય બીજું સાધન સુગમ નથી. આ કળિયુગમાં ભગવાનનું નામ એ જ સર્વોત્તમ સાધન છે. જ્યારે પણ સમય મળે, જ્યાં પણ બને અને જે દશામાં હો, મુખેથી ભગવાનનું નામ રટવું જોઇએ. ભગવાનના પ્રિય રૂપનું ધ્યાન ધરો, ભગવાનના ગુણાનુવાદ ગાઓ, ભગવાનની કથાઓ સાંભળો અને એમ કરતાં કરતાં પ્રભુમય બની જાઓ, એ જ જીવનનું કલ્યાણ છે. શરીર, મન, પ્રાણ તથા ઇન્દ્રિયોને સંસારના વિષયોથી ઉપર ઉઠાવી દઇને માનવે સર્વ રીતે ભગવત્પરાયણ થવું જોઇએ. ભગવાનની એ મનમોહક શ્યામસુંદર છબી આંખની કીકીમાં વસી જાય, પછી બીજું કાંઇ જોવાનું રહે જ નહિ.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫૦૦૭

ફોન : ૬૬૮૨૩૧



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

## સીતા અને ત્રિજટા

રાવણના ગયા પછી સીતાની હિંમત તૂટી ગઇ.

એ મન મૂકીને ચોધાર આંસુએ રોવા લાગી.

એનું કલ્પાંત સાંભળીને ત્રિજટા એની પાસે આવી અને કહેવા માંડી : 'લંકાપતિ રાવણની છેલ્લી વાત મેં સાંભળી છે, પરંતુ એથી નાહિમત અને આર્ત બનીને આવી રીતે આક્રંદ કરવાની જરૂર જરા પણ નથી. રાવણથી કદાચ બીજું બધું જ કરી શકાશે, પરંતુ કોઇના જીવન અને મરણ પર અંકુશ નહિ રાખી શકાય.'

લાંબા વખત સુધી સીતા રડતી રહી. પછી થોડીક શાંત થઇને બોલી : 'રાવણે આજે આપેલી ધમકીથી મારું કાળજું કંપી ગયું છે. એ ખૂબ ક્રૂર છે અને પોતાની ધમકીનો અમલ કરતાં નહિ અચકાય, એનામાં દયાનો છાંટો યે નથી દેખાતો. મહિના પછી એ મને મારી નાંખશે એનું દુઃખ મને નથી થતું. એવી રીતે મારું મરણ થવાનું હશે અને રાવણ એ માટે નિમિત્તરૂપ બનવાનો હશે તો એ મરણને કોઇ જ નહિ ટાળી શકે. પરંતુ મને દુઃખ તો મારા પ્રાણપ્યારા હૃદયાભિરામ રામનું થાય છે. એ મારા વિના કેવી રીતે જીવી શકશે? મારા મૃત્યુના સમાચાર સાંભળીને એ તો બેશુદ્ધ જ બની જશે. એ સમાચાર એમનાથી સાંભળી જ નહિ શકાય. એ

એને સહન જ નહિ કરી શકે.'

ત્રિજટા બોલી : 'હું સારી પેઠે સમજી શકું છું કે, રામનો પ્રાણ તારા વિના ટકી જ નહિ શકે. રામનો તારે માટેનો પ્રેમ ઘણો પ્રબળ હોવાથી તારા વિના જીવવાનું એમના માટે મુશ્કેલ બની જશે. પરંતુ એવું કશું અમંગલ થશે જ નહિ. મહિનો પૂરો થતાં પહેલાં શું થાય છે તેની ખબર કોને પડે છે? રાવણના શબ્દો કેવળ રોષના પરિભ્રમણરૂપ હતા. એથી ચિંતાતુર થવા જેવું મને તો કશું જ નથી લાગતું. રામ તારી શોધ જરૂર કરતા હશે. એ તારે માટે ખૂબ જ ચિંતાતુર હશે. મહિનાની અંદરઅંદર એ લંકામાં આવી પણ પહોંચે. તો તો તારી મુક્તિ થાય અને રાવણનો પોતાનો જ અંત આવી જાય. મને તો વિશ્વાસ છે કે તારું જરાપણ અમંગલ નહિ થાય.'

'પરંતુ રામના તો કશા સમાચાર નથી. એમને મારી માહિતી કોણ આપે? કોણ જાણે એ શું કરતા હશે! એમના મધુમય મુખને નિહાળ્યે કેટલો બધો વખત થઇ ગયો? એ મુખને અને એમના સુધામય સ્વરૂપને જોવા માટે મારું મન બેચેન બની ગયું છે અને અંતર અધીરું થયું છે. એમના સુખદ શબ્દોને સાંભળતી વખતે એવું લાગતું કે, જાણે સુધાપાન કરી રહી છું. એ શબ્દોને સાંભળ્યે પણ કેટલો બધો લાંબો વખત વીતી ગયો? એમના દેવદુર્લભ દર્શનની ચિંતા જાણે કે હજુ ઓછી હોય તેમ એક બીજી ચિંતા મને લાગુ પડી છે.'

'કયી ચિંતા?'

'મારી નહિ પરંતુ બીજાની. મંદોદરીની. એણે આરંભેલા અનશનનો વિચાર કરીને મને કાંઇનું કાંઇ થઇ જાય છે. રાવણે મને એના સમાચાર આપ્યા ત્યારથી જ મારી ચિંતામાં વધારો થયો છે. કોણ જાણે મારા જીવનમાં આવું બધું કેમ બન્યા કરે છે! મારું જીવન સ્વયં તો દુઃખરૂપ છે જ પરંતુ બીજાને માટે પણ દુઃખનું કારણ થઇ પડે છે.'

'તું એવી નિરાશા ભરી વાણી ન બોલ. તારું જીવન દુઃખરૂપ હશે તોપણ તેને સુખરૂપ બનતાં વાર નહિ લાગે. ઈશ્વરની કૃપાથી બધું સારું જ થશે. આ તો વચગાળાનો વખત છે અને એ વખત દરમિયાન તારા જીવનમાં ઉમટેલાં વિપત્તિનાં વાદળ જોતજોતામાં વિખરાઇ જશે પણ ખરાં એ વાદળ સદાને માટે રહેવા માટે નથી સરજાયેલાં. મંદોદરીએ તારી સહાનુભૂતિમાં કરેલા અનશનનો અંત આવશે અને સૌ સારાં વાનાં થશે.'

સીતાએ કહ્યું : 'મંદોદરીનો મારા પ્રત્યેનો પ્રેમ અખૂટ છે. એ પ્રેમથી પ્રેરાઇને જ રાવણના આત્માને જગાડવાના ઉદ્દેશથી એ અનશન કરે છે. એનો ઉદ્દેશ આવકારદાયક અને ઉત્તમ છે. અપાર પ્રેમભાવ વિના કોઇને માટે એવા અનશનનો આધાર લેવાનો વિચાર પણ ન થાય. છતાં પણ ઘોર, અતિ ઘોર, નિદ્રામાં પડેલો રાવણનો આત્મા એમ જાગી શકે તેમ છે?'

'એ તો કેવી રીતે કહી શકાય? કુદરત કયે વખતે શું કરવા ધારે છે તેની કલ્પના કોણ કરી શકે? આપણે તો કેવળ જોવું જ રહ્યું. છતાં પણ તું કોઇ પણ પ્રકારની વિશેષ ચિંતા કર્યા વિના બનતી શાંતિથી જીવનના આ વચગાળાના વિપરીત વખતને પસાર કર. તારા મુખને ચિંતાતુર જોઇને મારી ચિંતાનો પાર નથી રહેતો. મારું દિલ પણ દુઃખી બની જાય છે. તારી ચિંતાને સમજી શકું છું. છતાં પણ એના ભારને હળવો કર. હું તારી માતાતુલ્ય છું એમ જ સમજી લેજે. માતા જેવી રીતે પોતાની પુત્રીની રક્ષા કરે છે

તેવી રીતે પૂરી મમતાથી હું તારી રક્ષા કરીશ. હું જીવતી હોઈશ ત્યાંસુધી તારો વાળ પણ વાંકો નહિ થવા દઉં.'

'પરંતુ રાવણના રોષ કે પ્રકોપ આગળ કોઈનું શું ચાલે?'

'કેમ ન ચાલે? મારી પાસે શરીરબળ નથી પરંતુ આત્મબળ તો છે જ. એ આત્મબળનું પ્રમાણ ભલે ઓછું હોય, પરંતુ એની મદદથી તારા પ્રત્યેના પ્રેમભાવથી પ્રેરાઈને હું મોટામાં મોટો ભોગ આપી શકું તેમ છું. જરૂર પડશે તો હું પોતે મરીશ પણ મારા જીવતાં તને નહિ મરવા દઉં.'

'એટલે? એનો અર્થ?'

'એનો અર્થ તું ના સમજી?' ત્રિજટા સીતાની જિજ્ઞાસાના જવાબમાં કહેવા માંડી : 'એનો અર્થ એ કે તને ઉગારવા માટે મારે મરવું પડશે તો પણ મરવા તૈયાર રહીશ. રાવણ અજ્ઞાનવશ બનીને એક મહિનો પૂરો થતાં તને તલવાર તાણીને મારવા માટે તૈયાર થશે તો હું વચ્ચે પડીશ અને તારા પર તરવારનો ઘા નહિ પડવા દઉં. તારા પર પડનારા એ પ્રહારને હું ઝીલી લઈશ.'

પરંતુ એમ કરતાં મત્યુ થશે તો?

'તોપણ શું થયું? એ મૃત્યુ મારે માટે મંગલમય થશે. એક દિવસ મરવાનું તો છે જ તો, પછી મૃત્યુને ખાતર, તારી ને રામની સેવા કરતાં, મરવું પડે તો શા માટે ન મરવું? એ મૃત્યુ તો મહોત્સવરૂપ બની જાય. એ કાંઈ જેનેતેને ને જ્યારે ત્યારે ન મળે.'

સીતા ત્રિજટા સામે માનની નજરે જોઈ રહી ને બોલી : 'આવી મમતા તેમજ લાગણી તો માતા વિના કોઈમાં ન હોય. એમ થાય છે કે આટલે દૂર લાવીને વિધાતાએ મને મંદોદરી જેવી



બહેન આપી તેમ એક જનેતાની યાદ આપનારી માતા પણ પૂરી પાડી.'

ત્રિજટાએ ઊભી થતાં કહ્યું : 'તું નિશ્ચિંત રહે. તારી રક્ષા કરવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તારે માટે મૃત્યુને ભેટવું પડશે તો પણ મને સંતોષ થશે. છતાં પણ એવું કશું જ નહિ થાય. એવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા જ નહિ થાય. જો, મારી ડાબી આંખ અને ડાબી ભુજા ફરકવા માંડી. એના પરથી કોઈ અમંગલની નહિ પણ મંગલની જ સૂચના મળે છે. એ સૂચના સફળ થાય તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય. એની સફળતા માટે મારા સાચા દિલના ઊંડા આશીર્વાદ છે.'

ત્રિજટા દૂર ચાલી નીકળી.

સીતા એને જતી જોઈ રહી.

એના શબ્દોએ એને હિંમત અને શાંતિ આપી પરંતુ એ હિંમત અને શાંતિ કામચલાઉ નિવડી.

ઘડીના છઠ્ઠા ભાગમાં તો એ શાંતિ વિદાય થઈ ગઈ અને એ ઊંડી અશાંતિથી ઘેરાઈ ગઈ. (ક્રમશઃ)

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# શ્રીસુવિચારચન્દ્રિકા

પૂજ્યપાદ બ્રહ્મવિદ્વરિષ્ઠ મહારાજશ્રી શ્રીનથુરામશર્મા

## બ્રહ્મજ્ઞાનનું સર્વોત્તમપણું

સ્થાવરજંગમ સર્વ પ્રાણિપદાર્થોના અધિષ્ઠાનરૂપ સચ્ચિદાનંદઘન બ્રહ્મ છે. આ બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યાવિના કોઇ પણ પ્રાણી દુઃખથી ને ભયથી અત્યંત મોકળો થઈ શકતો નથી.

સર્વ પ્રકારના જડ પદાર્થો સુખી નથી; તૃણ, વેલા, છોડો ને વૃક્ષો સુખી નથી; અનેક પ્રકારનાં જલચરો સુખી નથી; કૃમિઓ, કીટો, પતંગો ને સર્પાદિ સુખી નથી. અનેક પ્રકારનાં પક્ષીઓ સુખી નથી; અનેક પ્રકારનાં પશુઓ સુખી નથી; આ પૃથિવીપર રહેનારાં બ્રહ્મજ્ઞાનરહિત માણસો સુખી નથી; અને ભુવર્લોકથી માંડીને સત્યલોકપર્યંતના લોકોમાં રહેનારા બ્રહ્મજ્ઞાનરહિત દેવો પણ વાસ્તવિક રીતે સુખી નથી. આ જગત્‌માં જેઓ પરમસુખરૂપ બ્રહ્મને અભેદભાવે અનુભવવા ભાગ્યશાલી થયા છે તેઓજ આ જગતમાં પરમસુખી છે.

અન્નમાં, વસ્ત્રમાં, ગૃહમાં, ખેતરમાં, રૂપામાં, સુવર્ણમાં, પશુઓમાં, વાહનોમાં, સત્તામાં ને કીર્તિમાં પરમસુખ જોવામાં આવતું નથી. વિવેકી મનુષ્યને તે સર્વ પદાર્થો શુદ્ધસુખયુક્ત પ્રતીત થતા નથી, પણ વિષ મેળવેલી મીઠાઈના જેવા દુઃખયુક્ત પ્રતીત થાય છે.

મનુષ્યની બાલ્યાવસ્થા દુઃખવાળી છે, યુવાવસ્થા દુઃખવાળી છે, ને વૃદ્ધાવસ્થા પણ દુઃખવાળી છે. અજ્ઞાની સ્ત્રીઓ દુઃખી છે, અજ્ઞાની પુરુષો દુઃખી છે, ને નપુસંકો પણ દુઃખી છે. હે દુઃખ! તું અજ્ઞાની જીવોમાં સર્વત્ર સર્વદા વ્યાપેલું છે.



કુરૂપ મનુષ્ય દુઃખી છે, સુરૂપ મનુષ્ય દુઃખી છે, થોડા કુટુંબવાળો દુઃખી છે, બહોળા કુટુંબવાળો દુઃખી છે, પુત્રહીન દુઃખી છે, પુત્રવાળો દુઃખી છે. નિર્ધન દુઃખી છે, ધનાઢય દુઃખી છે, સત્તાહીન દુઃખી છે, સત્તાધારી દુઃખી છે, વિદ્યાહીન દુઃખી છે, ને ભણેલો પણ દુઃખી છે, આમ આ પૃથિવીપર સૂક્ષ્મદૃષ્ટિએ જ્યાં જોઇએ ત્યાં સર્વત્ર સર્વદા દુઃખ, દુઃખ ને દુઃખજ પ્રતીત થાય છે.

સામાન્ય દૃષ્ટિએ જોઇએ તો વૃક્ષાદિથી કીટ સુખી છે, કીટાદિથી જલચરો ને તિર્યગો સુખી છે, જલચરો ને તિર્યગોથી પશુપક્ષીઓ સુખી છે, પશુપક્ષીઓથી મનુષ્યો સુખી છે, મનુષ્યોથી અંતરિક્ષના દેવો સુખી છે, અંતરિક્ષના દેવો કરતાં સ્વર્ગના દેવો સુખી છે, સ્વર્ગના દેવોના કરતાં મહર્લોકના દેવો સુખી છે, મહર્લોકના દેવોના કરતાં જનલોકના દેવો સુખી છે, જનલોકના દેવોના કરતાં તપલોકના દેવો સુખી છે, ને તપલોકના દેવોના કરતાં સત્યલોકના દેવો સુખી છે. આ સર્વ સુખ બુદ્ધિના સત્ત્વગુણની વૃદ્ધિને લીધે અનુભવાય છે, બ્રહ્મજ્ઞાનથી અનુભવાતા બ્રહ્માનંદરૂપ મહાસાગરની આગળ સત્યલોકનું સુખ એક નાનકડા ટીપાતુલ્ય છે.

તામસસુખના કરતાં રાજસસુખ શ્રેષ્ઠ છે, રાજસસુખના કરતાં સાત્ત્વિક સુખ શ્રેષ્ઠ છે, સાત્ત્વિકસુખના કરતાં શુદ્ધસાત્ત્વિક સુખ શ્રેષ્ઠ છે, અને શુદ્ધસાત્ત્વિકસુખથી નિરુપાધિક બ્રહ્માનંદ શ્રેષ્ઠ છે. આ બ્રહ્માનંદજ સર્વોત્તમ સુખ છે. મનુષ્યજન્મ પામીને વિવેકીને અભેદભાવે તેજ પ્રાપ્ત કરવાયોગ્ય મનાય છે.

જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર દૂર થાય છે, જેમ અગ્નિના સામીપ્યથી ટાઢ દૂર થાય છે, જેમ ચિંતામણિની પ્રાપ્તિથી દારિદ્રય દૂર થાય છે, ને જેમ અમૃતના પાનથી રોગોની નિવૃત્તિ થાય છે

તેમ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિથી મનુષ્યના ત્રિવિધ તાપની નિવૃત્તિ થઇ જાય છે.

આ પૃથિવીપર મનુષ્યજન્મ પામીને વિવેકી મનુષ્યને આગળ કહેલી રીતે બ્રહ્મનું જ્ઞાનજ પ્રાપ્ત કરવાયોગ્ય છે. પુષ્કળ ધનથી, મોટી સત્તાથી કે ઘણાં શાસ્ત્રોના વાચનથી મનુષ્યને સર્વ દુઃખોની નિવૃત્તિ ને પરમાનંદની પ્રાપ્તિ થતી નથી, પણ બ્રહ્મના દૃઢ જ્ઞાનથીજ તેને સર્વ દુઃખોની નિવૃત્તિ ને પરમાનંદની પ્રાપ્તિ થાય છે.

બ્રહ્મથી ભિન્ન જે જે પ્રાણિપદાર્થમાં તેને સત્ય માનીને અંતઃકરણની વૃત્તિ જાય છે ત્યાં ત્યાં તે ન્યૂનાધિક દુઃખનોજ અનુભવ કરે છે. આ વિશ્વમાં એક બ્રહ્મજ એવું સ્થાન છે કે જ્યાં જવાથી અંતઃકરણની વૃત્તિ નિર્દુઃખ પરમાનંદનો અનુભવ કરે છે.

હે મન! લૌકિક જ્ઞાનોની તૃષ્ણાનો પરિત્યાગ કર. એવાં જ્ઞાનોનો પાર નથી, ને તે જ્ઞાનો સાચું સુખ આપનારાં નથી. ઘણા કાલસુધી આવાં જ્ઞાનોની પ્રાપ્તિ કરવા તેં પરિશ્રમ કર્યો, પણ તેના પરિણામમાં તને સ્થાયી સુખનો લાભ થયો નથી, પણ પરિશ્રમજન્ય તથા નિરાશાજન્ય દુઃખનોજ તને અનુભવ થયો છે, માટે હવે જે જ્ઞાનથી જીવનાં સર્વ દુઃખનું શમન થઇ તેને પરમાનંદનો લાભ થાય છે તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ તું સર્વદા પ્રયત્નશીલ રહે.

રૂપ, યૌવન, ધન, સત્તા, સ્ત્રી, પુત્ર ને ભણતર એ સર્વના કરતાં બ્રહ્મજ્ઞાનજ શ્રેષ્ઠ છે, કેમ કે રૂપાદિ જીવને સ્થાયી સુખ આપનારાં નથી, ને બ્રહ્મજ્ઞાન તો જીવને સ્થાયી સુખ આપનારું છે.

બ્રહ્મજ્ઞાન એ કુરૂપનું પરમસૌંદર્ય, વૃદ્ધનું પૂરયૌવન, નિર્ધનનું મહાધન, સત્તાહીનની મહાસત્તા, સ્ત્રીહીનની રૂપયૌવનગુણસંપન્ના સ્ત્રી, પુત્રહીનનો સુશીલ પુત્ર ને વિદ્યાહીનની પરમા વિદ્યા છે.



નાનાવિધ તાપોથી તપેલા જીવોને બ્રહ્મજ્ઞાન પરમશીતલ કલ્પવૃક્ષ છે. નિરાધારનો તે પરમાધાર છે, ને અનાથને તથા અશરણને તે સનાથ તથા શરણયુક્ત કરનાર છે. હે મન! આવું સર્વોત્તમ બ્રહ્મજ્ઞાન મેળવવા તું સાધનસંપન્ન થઇ, સંશયવિપર્યય ત્યજી, સર્વદા ઘણામાં ઘણો પ્રયત્ન કર્યા કર.

**પરમાત્માથી અભિન્ન સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરો**

મરણવેલા રક્ષકરહિત દશે દિશાઓ જોઇને બહુ મૂઢતાને પામેલો તું તે વેલા તે મહાભયવાળા સ્થાનમાં શું કરી શકીશ? કાંઇ નહિ કરી શક, માટે તું હમણાંજ જગતના સ્વામી, મહાબલવાન્, જગતની રક્ષા માટે ઉદ્યુક્ત ને સર્વ ત્રાસને હરનારા પરમાત્માથી અભિન્ન સદ્‌ગુરુને શરણે જા.

પૂર્વે અનુભવેલા પણ વર્તમાનકાલમાં નાશ પામેલા સંબંધિજનોથી ને વર્તમાનકાલમાં સ્થિત સંબંધિજનોથી તને શો લાભ છે? કે જેઓમાં આસક્તિ રાખીને તું તારા પૂજ્ય સદ્‌ગુરુના વચનોનું ઉલ્લંઘન કરે છે?

આ મર્ત્યલોકનો, બંધુઓનો ને પરિચિતજનોનો મરણવેલા ત્યાગ કરીને તું એકલોજ કોઇ અજાણે ઠેકાણે જઇશ તો પછી અહીંના સર્વ પ્રિયઅપ્રિય પ્રાણિપદાર્થથી તને શું પ્રયોજન છે? કાંઇ પણ પ્રયોજન નથી. તારે તો માત્ર તારું પરમહિત કરનારા તારા પૂજ્ય સદ્‌ગુરુથીજ સાચું પ્રયોજન છે.

"અશુભથી નક્કી દુઃખ છે, ને હું હવે તેમાંથી કેમ નીકળું?" આ વિચાર તારે રાત્રિદિવસ કર્યા કરવો જોઇએ, અને તારા પૂજ્ય ગુરુના અનન્યશરણને સુદૃઢ કરી સર્વ પ્રકારના અશુભમાંથી નીકળવા તારે સદાગ્રહપૂર્વક ઘણામાં ઘણો પ્રયત્ન કરવો જોઇએ.

પ્રભુથી અભિન્ન સદ્ગુરુ અનાથોના નાથ, દુઃખપૂર્ણ ભવમાર્ગના પ્રવાસીઓના સમર્થ ને દયાલુ સાર્થવાહ, ભવસાગરને પાર જવાની ઇચ્છાવાળાની સુદૃઢ નૌકા, મર્યાદાનું ઉલ્લંઘન કરવા ઇચ્છનારાના સેતુ, દીપાર્થીના દીપ, શય્યાર્થીની શય્યા, દાસાર્થીના દાસ, સર્વ પ્રાણીઓના ચિંતામણિ, ભદ્રવટ, સિદ્ધવિદ્યા, મહૌષધિ, કલ્પવૃક્ષ ને કામધેનુ છે. હે જીવ! એવા પ્રભુથી અભિન્ન સદ્ગુરુનું જ તું શુદ્ધભાવે અનન્ય શરણ ગ્રહણ કર, ને પરમ સુખી થા.

**જીવન્મુક્તિ**

આદર્શ ભક્તને મુક્તિનો અનુભવ મરણ પછી થવાને બદલે આ જીવન દરમ્યાન જ આ શરીરદ્વારા જ થાય છે. આપણું શરીર પરમાત્માનું મંગલમય મંદિર છે. એમાં દેવોના દેવ પરમાત્માનો નિવાસ છે. એથી જ સાચા સંતો અને મહાત્માઓનાં શરીર એ હરતાં ફરતાં મહાતીર્થ જેવાં છે. – યોગેશ્વરજી

*** પરફેક્ટ એન્ટરપ્રાઇઝ ***

**મરચન્ટ, એક્સપોર્ટ્સ, ઇમ્પોર્ટર્સ**

**એન્ડ જનરલ A to Z સપ્લાયર્સ**

૪૨, જયશ્રી ખોડિયાર કો–ઓપરેટીવ શોપિંગ સેન્ટર

રજપૂતપરા મેઇન રોડ, રાજકોટ.

ફોન નં. ઓ. : ૨૫૪૭૮ ઘર : ૫૫૫૧૪

## * જીવનનું શ્રેય શી રીતે સિદ્ધ થાય? *

પ્રભુની સાથે પ્રેમ કરીને માણસ પોતાના જીવનને ધન્ય કરી શકે છે. પ્રભુના નામમાં મન લગાડીને તે પરમસુખનો ભાગી બની શકે છે. જીવનમાં કરવા જેવું મુખ્ય કામ તે જ છે. પણ બહુ જ થોડા માણસો એ કરવા જેવું મુખ્ય કામ કરે છે, એ એક આશ્ચર્ય છે. પ્રભુનું શરણ ને સ્મરણ માણસને માટે મંગલકારક છે. છતાં પણ તેનો આશ્રય લેનારા ઉમેદવારો આંગળીને વેઢે ગણાય તેટલા ઓછા છે, એ વાત વિચિત્ર લાગે તેવી છતાં સાચી છે. જે વસ્તુનો વહેલામાં વહેલી તકે ત્યાગ કરવો જોઇએ તે વસ્તુ માણસે પાળી છે; ને જેના સેવનથી તે સુખી થઇ શકે તેમ છે, તેને તેણે છોડી છે. કામ, ક્રોધ, અભિમાન, કપટ ને અસત્યનો ત્યાગ કરવાથી લાભ થાય છે. મમતા, મદ ને આસક્તિને છોડવાથી પણ લાભ છે. પણ માણસે તેમને પ્રાણપ્રિય માનીને પકડી રાખ્યાં છે. ને પ્રભુના નામ ને ધ્યાનનો તેણે ત્યાગ કર્યો છે. એ દશામાં તેના જીવનનું શ્રેય કેવી રીતે થઇ શકે? જેની સુંદરતા પાસે સમસ્ત સંસારની સુંદરતા પણ કાંઇ વિસાતમાં નથી, જેના પ્રકાશ પાસે હજારો સૂર્ય ને ચંદ્રનો પ્રકાશ પણ હિસાબમાં નથી, ને જેનું રૂપ, જેના ગુણ, જેની શક્તિ ને મધુરતા સૌથી શ્રેષ્ઠ છે, તે પરમાત્મામાં પ્રીતિ કરવાને બદલે તે પરમાત્માના પડછાયા જેવા સંસારમાં પ્રીતિ કરે છે. મૃગજળને હાથ કરીને તેની મારફત પોતાની જુગોજૂની તરસ છીપાવવાનો તે પ્રયાસ કરી રહ્યો છે. યોગેશ્વરજી

# * પ્રયાસ ને પ્રાર્થના સદાય ચાલુ રાખવાં *

અનન્ય ભક્તિ કાંઈ એક બે દિવસનો ખેલ નથી તેની પ્રાપ્તિ માટેના પુરુષાર્થમાં દિવસો, મહિના, વરસો ને જન્મો વહી જાય છે. એકધારી ને લાંબી સાધના વિના તે મળી શકતી નથી. સંતો, ભક્તો ને મહાપુરુષોના આશિર્વાદ તેની પ્રાપ્તિમાં બહુ મોટો ભાગ ભજવે છે. કોઈ કારણથી તેની પ્રાપ્તિમાં વિલંબ થાય, તો નિરાશ ના થવું. પુરુષાર્થ છોડી દઈને નાહિમત બનીને બેસી પણ ના જવું. પ્રયાસ ને પ્રાર્થના સદાયે ચાલુ રાખવાં. જે તીર્થયાત્રાએ નીકળ્યો છે, તે સાચી દાનતથી ચાલશે, તો ભલે લાંબે વખતે પણ પોતાના ધારેલા સ્થાને પહોંચી જશે. પણ જે થાકીને કે કંટાળીને યાત્રાના મારગમાં જ પથારી પાથરીને કાયમને માટે બેસી જાય છે, તેને માટે તીર્થના દર્શનની આશા ક્યાં છે? માટે તમે ભક્તિના ભલે ઉમેદવાર હો, સાધારણ ભક્ત હો, ને ભક્તિના મહામાર્ગે પાપા પગલી જ કરતા હો, તો પણ નિરાશ ના થશો. ક્યાં જવાનું છે, શા માટે જવાનું છે, ને કેવી રીતે જવાનું છે, એ યાદ રાખીને તમારા ગજા પ્રમાણે સદા આગળ વધો. તમારી ઈચ્છા સાચી હશે, ને તમે પ્રામાણિક હશો, તો ભગવાન તમારા પર કૃપા કરશે, પોતાની અનન્ય ભક્તિનું તમને દાન દેશે, ને છેવટે જીવનને ધન્ય કરનારું દર્શન પણ આપશે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧